શનિવાર, 31 જાન્યુઆરી, 2026 મહા સુદ તેરસ

“વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર”

ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ❋ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ❋ RNI NO : GJGUJ/25/A1447 ❋ Vist : www.dailypulse.org.in

રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ❋ Follow : @dailypulsenews24 ❋ દૈનિક સોશિયલ આવૃત્તિ ❋ કિંમત : મફત

## વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનનું વર્ષ 2025-26નું ભાવિ બજેટ: સ્માર્ટ અને ગ્રીન વડોદરાનો નવો રોડમેપ

સંસ્કારી નગરી વડોદરાને આધુનિકતાના નવા શિખરો પર લઈ જવા માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) દ્વારા નાણાકીય વર્ષ 2025-26નું મહત્વકાંક્ષી ડ્રાફ્ટ બજેટ તૈયાર કરવામાં આવ્યું છે. આ બજેટની સૌથી મોટી વિશેષતા તેનો 'સહભાગી અભિગમ' (Participatory Approach) છે. શહેરના ધારાસભ્યો, સાંસદો, વિવિધ સંસ્થાઓ અને સામાન્ય નાગરિકોના અમૂલ્ય સૂચનોને ધ્યાનમાં રાખીને એક એવું બજેટ બનાવવામાં આવ્યું છે જે વડોદરાની જરૂરિયાતોને ખરા અર્થમાં સમજે છે.

વિકાસની વાત કરીએ તો, બજેટમાં પાયાની જરૂરિયાતો જેવી કે પીવાનું શુદ્ધ પાણી, મજબૂત ડ્રેનેજ નેટવર્ક અને આધુનિક રસ્તાઓના નવીનીકરણ પર ભાર મૂકવામાં આવ્યો છે. ભવિષ્યની જરૂરિયાતોને જોતા પાણીના નવા સ્ત્રોતો વિકસાવવાની યોજના પણ બજેટનો હિસ્સો છે. પર્યાવરણની સુરક્ષા માટે VMC 'શૂન્ય કાર્બન ઉત્સર્જન'નું લક્ષ્ય રાખી રહ્યું છે, જે અંતર્ગત શહેરને ક્લાઈમેટ રેઝિલિયન્ટ બનાવવાની નેમ છે. આ માટે ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પીએમ ઈ-બસોના કાફલામાં વધારો કરવામાં આવશે.

સામાજિક સુવિધાઓમાં વધારો કરતા વડોદરામાં નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, યોગા સેન્ટર્સ, અદ્યતન લાઈબ્રેરીઓ અને શાકભાજી માર્કેટનું નિર્માણ કરાશે. મહિલા સશક્તિકરણ માટે 'વર્કિંગ વુમન હોસ્ટેલ' અને કલા-સંસ્કૃતિ માટે નવા ઓડિટોરિયમની ભેટ પણ શહેરીજનોને મળી શકે છે. વહીવટી પ્રક્રિયાને પેપરલેસ અને વધુ ઝડપી બનાવવા માટે સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ તમામ કામગીરીનું ડિજિટલાઈઝેશન કરવામાં આવશે, જેમાં GIS મેપિંગ દ્વારા પ્રોજેક્ટ્સનું સેન્ટ્રલ મોનિટરિંગ થશે. બજેટમાં જાહેર સુરક્ષાને પ્રાધાન્ય આપતા જરૂરિયાત મુજબ નવા ફાયર સ્ટેશનો બનાવવાની પણ જોગવાઈ છે. કોર્પોરેશનના અધિકારીઓના જણાવ્યા મુજબ, પ્રોજેક્ટ્સના ઝડપી અમલીકરણ અને શ્રેષ્ઠ મેઈન્ટેનન્સ માટે પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) અને બિલ્ડ-ઓપરેટ-ટ્રાન્સફર (BOT) મોડલ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાશે. આ અભિગમથી શહેરનો વિકાસ ઝડપી બનશે અને મ્યુનિસિપલ તિજોરી પરનો બોજ પણ ઘટશે.

આગામી સપ્તાહે આ ડ્રાફ્ટ બજેટ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવશે. ત્યારબાદ તમામ પ્રક્રિયા પૂર્ણ કરી ૨૦ ફેબ્રુઆરી સુધીમાં જનરલ બોર્ડ દ્વારા તેને આખરી ઓપ આપવામાં આવશે. વડોદરાના શાસક પક્ષની આ વિકાસયાત્રા શહેરને ખરા અર્થમાં વૈશ્વિક કક્ષાનું 'સ્માર્ટ અને ગ્રીન' શહેર બનાવશે તેવા સ્પષ્ટ સંકેતો આ બજેટમાં જોવા મળી રહ્યા છે.



**વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ષ 2025-26 માટે 'સહભાગી અભિગમ' સાથે વિકાસલક્ષી બજેટ તૈયાર કરાયું છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રીન એનર્જી અને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ દ્વારા વડોદરાને આધુનિક અને સુવિધાસભર બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.**

## લુણાવાડા: કલેક્ટર-SPના આદેશથી દબાણો પર ગાજ

**દૈનિક પલ્સ સમાચાર:** લુણાવાડા શહેરને ટ્રાફિક અને ગેરકાયદે દબાણના શ્રાપમાંથી મુક્ત કરવા માટે જિલ્લા પ્રશાસને આખરે 'સર્જિકલ સ્ટ્રાઈક' જેવું વલણ અપનાવ્યું છે. લુણાવાડાના સાંકડા રસ્તાઓ પર વેપારીઓની દાદાગીરી અને પાલિકાની નિષ્ક્રિયતા હવે સહન નહીં થાય તેવો સ્પષ્ટ સંકેત મહીસાગર કલેક્ટર અર્પિત સાગર અને SP સફીન હસને આપ્યો છે. મહિલા પોલીસ ચોકીથી લઈને નંદન આર્કેડ અને લુણેશ્વર ચાર રસ્તા સુધીના ૨ કિલોમીટરના મુખ્ય માર્ગ પર અધિકારીઓએ ચાલીને ટ્રાફિકની સમસ્યાનું પોસ્ટમોર્ટમ કર્યું હતું.

આ મુલાકાત દરમિયાન જે તસવીરો સામે આવી તે પાલિકાના લપેટડા વહીવટની ચાડી ખાય છે. રસ્તા પર નડતરરૂપ ઓટલાઓ, જોખમી રીતે લટકતા હોર્ડિંગ્સ અને મોતના મુખ સમાન ખુલ્લી ગટરો જોઈ અધિકારીઓએ પાલિકાના અધિકારીઓનો ઉધડો લીધો હતો. સૌથી ગંભીર બાબત એ છે કે અગાઉ દબાણ હટાવ્યા પછી પણ ફરીથી તે જ જગ્યાએ બાંધકામો કરી લેવાયા છે, જે સાબિત કરે છે કે દબાણકારીઓને કાયદાનો કોઈ ડર નથી. કલેક્ટરે પાલિકાને આદેશ આપ્યો છે કે રસ્તાઓ આડેના તમામ ગેરકાયદે બાંધકામો કોઈપણ વિલંબ વગર તોડી પાડવામાં આવે અને જર્જરિત ઇમારતોનો સર્વે કરી તેનો રિપોર્ટ સોંપવામાં આવે.

એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે બસોને ફસાતી જોઈ અધિકારીઓએ મુસાફરોની હાલાકી દૂર કરવા પાર્કિંગ પ્લાન તૈયાર કરવા જણાવ્યું છે. લુણાવાડામાં આ પ્રકારની કડક દરમિયાનગીરીથી ગેરકાયદે બાંધકામ કરનારા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. જો કે, પત્રકારત્વની દ્રષ્ટિએ સવાલ એ છે કે શું આ કામગીરી માત્ર ફોટો સેશન પૂરતી સીમિત રહેશે કે પછી લુણાવાડાના નાગરિકોને કાયમી ટ્રાફિક મુક્તિ મળશે? પાલિકા તંત્રમાં અત્યારે દોડધામ મચી છે, પરંતુ જો અમલવારીમાં ઢીલ મુકાશે તો જિલ્લા પ્રશાસનનો આ મહેનત પાણીમાં જશે.



## ચૂંટણી પહેલા બજેટનો ડ્રામા: કટકીબાજ અધિકારીઓ પર નજર

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતની મહાનગરપાલિકાઓમાં વર્ષોથી ચાલી આવતી બજેટની પ્રક્રિયાને આ વર્ષે ચૂંટણીના સમીકરણોએ બદલી નાખી છે. રાજ્યમાં આગામી મનપા ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર ખાતે ૮ મ્યુનિસિપલ કમિશનરો અને પદાધિકારીઓનો ઉધડો લીધો છે. કમિશનરોના બજેટ પ્રેઝન્ટેશનને જોયા બાદ સંઘવીએ સ્પષ્ટ સૂચના આપી છે કે, બજેટમાં માત્ર એસી ચેમ્બરમાં બેસીને બનાવેલા પ્રોજેક્ટ્સ નહીં પણ પ્રજાને સ્પર્શતા કામો હોવા જોઈએ. આ માટે પહેલીવાર બજેટ રજૂ થાય તે પહેલા જ શુક્રવારે સાંસદો અને ધારાસભ્યો સાથે બેઠક કરી તેમના સૂચનો ઉમેરવા તાકીદ કરાઈ છે.

જોકે, આ બેઠકમાં સૌથી મોટો હુમલો પાલિકામાં ચાલતા ભ્રષ્ટાચાર અને 'કટકી' પ્રથા પર કરવામાં આવ્યો છે. ગાંધીનગરથી એવો સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે જે અધિકારીઓ કે નેતાઓ કોન્ટ્રાક્ટરો પાસેથી કટકી લે છે તેમની કુંડળી ગાંધીનગરમાં વંચાઈ રહી છે. એજન્સીઓનો ઇતિહાસ તપાસ્યા વગર કામ સોંપવાની પ્રથા બંધ કરવા અને ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા કડક આદેશો છૂટ્યા છે. હર્ષ સંઘવીએ ટકોર કરી છે કે પોતાનો ગજવો ભરવાના બદલે લોકોની અપેક્ષાઓ પૂરી કરવા પર ધ્યાન આપો.

ખાસ કરીને, રસ્તા પરના જીવલેણ ખાડા, કલાકો સુધી સર્જાતા ટ્રાફિક જામ અને વર્ષોથી લટકતા પ્રોજેક્ટ્સ બાબતે સરકારની છબી ખરડાઈ રહી છે. હવેથી એજન્ડામાં પાસ થયેલા કામોના ટેન્ડર તાત્કાલિક બહાર પાડવા અને ધીમી ગતિએ ચાલતા કામો અટકાવી તેને ઝડપથી પૂરા કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ટૂંકમાં, આ બજેટ ભ્રષ્ટ અધિકારીઓ માટે 'વોચ' અને રાજકારણીઓ માટે 'વોટ' મેળવવાનો એજન્ડા બની રહેશે. જનતાના પૈસે જનતાને છેતરતી સિસ્ટમ પર શું આ ચેતવણીની અસર થશે ખરી? તે જોવું રહ્યું.

**આગામી મનપા ચૂંટણી જીતવા માટે સરકારે બજેટને હથિયાર બનાવ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તમામ મ્યુનિસિપલ કમિશનરોને બોલાવી સ્પષ્ટ કીધું છે કે, બજેટમાં લોકપ્રિય કામો જ લો. જોકે, આ આદેશની પાછળ ભ્રષ્ટાચાર પર લગામ કસવાની કડક ચેતવણી પણ છે. ગાંધીનગરથી સ્પષ્ટ કહેવાયું છે કે કટકી કરતા હોદ્દેદારો અને અધિકારીઓ પર વોચ રાખવામાં આવી રહી છે. એજન્સીઓનો ઇતિહાસ તપાસ્યા વગર કામ આપનારા અધિકારીઓ સામે પગલાં લેવાશે. રસ્તાના ખાડા અને ટ્રાફિક જેવી પાયાની સમસ્યાઓ હલ ન કરનાર સામે હવે ગાજ પડશે.**

## ગોરવામાં જનઆક્રોશ: નેતાઓના ફોટા પર ગંદા પાણીનો જળાભિષેક

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના 'સ્વચ્છ પાણી' ના દાવાઓ ગોરવા વિસ્તારમાં ગટરમાં વહી રહ્યા હોય તેમ લાગે છે. શહેરના વોર્ડ નં. ૧૧ માં આવેલી શિવશક્તિ સોસાયટીમાં પીવાના પાણીના નામે ગટરનું પાણી આવતા રહીશોએ આજે રોષે ભરાઈને રસ્તા પર ઉતરી આવ્યા હતા. 'આપ' નેતા વીરેન્દ્ર રામીની આગેવાનીમાં થયેલા આ વિરોધ પ્રદર્શનમાં રાજકીય નેતાઓની બેદરકારીને ખુલ્લી પાડવામાં આવી હતી. સ્થાનિકોએ ધારાસભ્ય કેયુર રોકડિયા અને ડેપ્યુટી મેયર ચિરાગ બારોટની તસ્વીરો પર ગંદા પાણીનો અભિષેક કરી એવો સંદેશ આપ્યો હતો કે જે પાણી જનતાને પીવા મજબૂર કરાય છે, તે જ પાણી નેતાઓ પર રેડાવું જોઈએ.

સ્થાનિક મહિલાઓએ માટલા ફોડીને પાલિકાના તંત્ર સામે ફિટકાર વરસાવ્યો હતો. રહીશોનું કહેવું છે કે અસંખ્ય રજૂઆતો છતાં કોઈ લોકપ્રતિનિધિ ડોકાવા પણ આવતું નથી. "પીવાની વાત તો દૂર રહી, આ પાણીથી નાહવું પણ અશક્ય છે," તેવો આક્રોશ




મહિલાઓએ વ્યક્ત કર્યો હતો. આ ઘટના વડોદરાના વહીવટી તંત્રની નિષ્ફળતાનું વરવું પ્રદર્શન છે. જનતાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો આ મોરચો મ્યુનિસિપલ કમિશનરની ઓફિસે પહોંચશે અને ત્યાં કમિશનર પર ગંદા પાણીનો અભિષેક કરાશે. જ્યારે નેતાઓ માત્ર એસી ઓફિસોમાં બેસી રહે અને જનતા ગંદુ પાણી પીવા મજબૂર બને ત્યારે લોકશાહીમાં આવા વિરોધ અનિવાર્ય બની જાય છે.

## પતિનો અત્યાચાર: પોલીસની પરીક્ષા આપતી પત્નીને ફટકારી

**દૈનિક પલ્સ સમાચાર:** સંસ્કારી નગરી વડોદરામાં પ્રેમલગ્નનો કરુણ અંજામ અને પુરુષપ્રધાન માનસિકતાનો ભોગ એક પરિણીતા બની છે. હરણીમાં રહેતા દંપતી વચ્ચે છેલ્લા ૬ મહિનાથી વિખવાદ ચાલી રહ્યો છે, જેનું મુખ્ય કારણ પતિના લગ્નેતર સંબંધો છે. પત્ની નર્સની નોકરીની સાથે પોલીસની પરીક્ષાની તૈયારી કરીને પગભર થવા માંગે છે, પરંતુ પતિએ તેની કારકિર્દી રોકવા માટે હિંસાનો સહારો લીધો હતો. જ્યારે પરિણીતા તેના રનિંગ ટેસ્ટના દસ્તાવેજ લેવા ગઈ, ત્યારે પતિએ તેને માર મારી ઘરની બહાર કાઢી મૂકી હતી.

આ કપરી સ્થિતિમાં ૧૮૧ અભયમની ટીમે દેવદૂત બનીને ભૂમિકા ભજવી હતી. અભયમની ટીમે પતિને કાયદાકીય પાઠ ભણાવ્યા અને પત્ની પર હાથ ઉપાડવાના ગંભીર પરિણામોની ચેતવણી આપી હતી. લંપટ પતિએ આખરે દસ્તાવેજો સોંપી દીધા હતા અને પત્નીને પરેશાન નહીં કરવાની લેખિત બાંહેધરી આપી હતી. જોકે, આ ઘટનામાં સવાલ એ થાય છે કે શું પત્નીના વિકાસથી ડરતા પતિઓ સમાજમાં ક્યાં સુધી સ્ત્રીઓ પર હિંસા કરતા રહેશે? અભયમે મહિલાને સમજાવીને તૂટતા ઘરને બચાવી તો લીધું છે, પણ શું આ સમાધાન કાયમી રહેશે કે પછી આ માત્ર એક 'ટેમ્પરરી એડજસ્ટમેન્ટ' છે? પોલીસની પરીક્ષા આપતી એક મહિલાને પોતાના જ ઘરમાં ન્યાય માટે સંઘર્ષ કરવો પડે તે વહીવટી તંત્ર માટે પણ લાલબત્તી સમાન છે.



**વડોદરામાં પોલીસની પરીક્ષાના દસ્તાવેજ લેવા ગયેલી પત્ની પર પતિનો હુમલો. અભયમની ટીમે ડોક્યુમેન્ટ અપાવી સમાધાન કરાવ્યું.**

# UGCના વિવાદાસ્પદ નિયમો પર સુપ્રીમનો સ્ટે: સરકારને મોટી ફટકાર

## UGC વિવાદ: સુપ્રીમ કોર્ટે નવા નિયમો પર લગાવી રોક

**દૈનિક પલ્સ સમાચાર:** UGCના વિવાદાસ્પદ નવા નિયમો પર સુપ્રીમ કોર્ટે સ્ટે આપીને કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયના ગાલ પર આકરો તમાચો ઝીંક્યો છે. છેલ્લા બે અઠવાડિયાથી રસ્તા પર ઉતરેલા સવર્ણ સમાજના વિરોધ પ્રદર્શનો અને આક્રોશને અંતે ન્યાયપાલિકાએ વાચા આપી છે. ગુરુવારે થયેલી સુનાવણીમાં ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે સરકારની નીતિઓની જે રીતે ઝાટકણી કાઢી, તે સાબિત કરે છે કે UGCના નવા નિયમોમાં દાળમાં કંઈક કાળું હતું. કોર્ટે ટિપ્પણી કરતા કહ્યું કે, "UGCના આ નિયમો અસ્પષ્ટ છે અને તેનાથી ભ્રષ્ટાચાર કે સત્તાના દુરુપયોગનો મોટો ખતરો રહેલો છે." સુપ્રીમ કોર્ટે સરકારને સીધો આદેશ આપ્યો છે કે તેઓ આ અર્ધકચરો ડ્રાફ્ટ પાછો ખેંચે અને તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને ફરીથી નવો ડ્રાફ્ટ તૈયાર કરે. છેલ્લા ૧૫ દિવસથી સવર્ણો આ નિયમોમાં રહેલી ભેદભાવયુક્ત નીતિઓ સામે અવાજ ઉઠાવી રહ્યા હતા, પરંતુ સરકારે મચક આપી નહોતી. હવે જ્યારે સર્વોચ્ચ અદાલતે હસ્તક્ષેપ કર્યો છે, ત્યારે સરકારના મંત્રીઓ અને અધિકારીઓએ મોઢું છુપાવવાનો વારો આવ્યો છે.

આ કેસની આગામી સુનાવણી ૧૯ માર્ચે મુકરર કરવામાં આવી છે. ત્યાં સુધી આ નિયમોનો અમલ કરી શકાશે નહીં. સવાલ એ ઉભો થાય છે કે, શિક્ષણ જેવો સંવેદનશીલ વિષય હોય ત્યારે સરકાર પૂરતી તપાસ અને નિષ્ણાતોના અભિપ્રાય વગર આવા કાચા નિયમો કેમ બહાર પાડે છે? શું તંત્ર માત્ર આંદોલનો અને કોર્ટના ઓર્ડરની જ રાહ જોતું હોય છે? સુપ્રીમ કોર્ટની આ ફટકાર બાદ હવે જોવાનું એ રહેશે કે સરકાર જે નવો ડ્રાફ્ટ લાવશે તેમાં જનતાના વાંધાઓનું ધ્યાન રખાય છે કે ફરીથી જૂની પદ્ધતિ જ અપનાવવામાં આવે છે. દૈનિક પલ્સ સમાચાર આ મુદ્દા પર સતત નજર રાખશે.

**UGCના નવા નિયમોમાં રહેલી ખામીઓ સામે સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરી સ્ટે આપ્યો છે. ચીફ જસ્ટિસે આ નિયમોને અસ્પષ્ટ ગણાવી તેના દુરુપયોગની ભીતિ વ્યક્ત કરી છે અને સરકારને નવો ડ્રાફ્ટ બનાવવા આદેશ આપ્યો છે.**

# પારુલ યુનિવર્સિટીની વિદ્યાર્થિનીની પજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** સંસ્કારી નગરી વડોદરામાં ફરી એકવાર એકતરફી પ્રેમમાં પાગલ યુવકની વિકૃત માનસિકતાનો ભોગ એક વિદ્યાર્થિની બની છે. વાઘોડિયા સ્થિત પારુલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી આ યુવતીએ જ્યારે યુવકની હરકતોથી કંટાળી મિત્રતાનો અંત આણ્યો, ત્યારે યુવકે તેની મર્યાદા ઓળંગી દીધી હતી. પીછો કરવો અને પજવણી કરવી એ તો માત્ર શરૂઆત હતી, પરંતુ યુવકે ડિજિટલ હથિયારનો ઉપયોગ કરીને યુવતીના ખાનગી ચેટિંગના સ્ક્રીનશોટ અને અભદ્ર મેસેજ તેણીના સંબંધીઓને મોકલીને બદનામ કરવાનું હીન કૃત્ય કર્યું છે. આરોપી યુવક યુવતીના ઘરે જઈને પણ ધમાલ મચાવી ચૂક્યો છે. જ્યારે યુવતીએ સુરક્ષા માટે તેનો નંબર બ્લોક કર્યો, ત્યારે યુવકે પીછો કરી તેણીને સતત ભયના ઓથાર હેઠળ રાખી હતી. આ કિસ્સો માત્ર પજવણીનો નથી, પરંતુ સાયબર બુલિંગ અને સામાજિક ચારિત્ર્ય હનનનો પણ છે. કપુરાઇ પોલીસે ફરિયાદ નોંધીને તપાસ તો શરૂ કરી છે, પરંતુ સવાલ એ થાય છે કે શું યુનિવર્સિટી કેમ્પસ અને માર્ગો પર વિદ્યાર્થિનીઓ ખરેખર સુરક્ષિત છે? આવા નરાધમોને કાયદાનો કોઈ ડર રહ્યો નથી તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. પોલીસની ઢીલી કાર્યવાહી આવા તત્વોને વધુ પ્રોત્સાહન આપે છે, ત્યારે હવે આ મામલે કડક દાખલો બેસે તેવી કાર્યવાહી અત્યંત જરૂરી છે.

**વડોદરામાં વિદ્યાર્થિનીનો પીછો કરી બીભત્સ મેસેજ વાયરલ કરનાર યુવક સામે ફરિયાદ. મિત્રતા તોડતા પરિણીત જેવી હરકતો કરી યુવકે મર્યાદા ઓળંગી.**

# કરજણ પાસે ખાનગી બસનો ગોઝારો અકસ્માત: 2 ના મોત અને 10 ઘાયલ

**દૈનિક પલ્સ સમાચાર:** નેશનલ હાઈવે-48 પર કરજણ પાસે આજે વહેલી સવારે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતે ફરી એકવાર હાઈવે સુરક્ષા અને ડ્રાઈવરોની બેદરકારીની પોલ ખોલી નાખી છે. જય ખોડિયાર ટ્રાવેલ્સની લક્ઝરી બસ ઔરંગાબાદથી અમદાવાદ તરફ જઈ રહી હતી ત્યારે કરજણ ધાવટ ચોકડી પાસે બ્રિજ પર ઉભેલી એક ટ્રક પાછળ કાળ બનીને ત્રાટકી હતી. આ ટક્કર એટલી વિકરાળ હતી કે બસમાં સવાર મુસાફરો ઉંઘમાં જ મોતના મુખમાં ધકેલાઈ ગયા હતા. આ અકસ્માતમાં ૨ મુસાફરોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે ૧૦ થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા રસ્તા પર લોહીના ખાબોચિયા જોવા મળ્યા હતા.

કરજણ ફાયર સ્ટેશનના જવાનોએ ઘટનાસ્થળે પહોંચીને જે દ્રશ્યો જોયા તે હચમચાવી દે તેવા હતા. બસનો આગળનો ભાગ ટ્રકમાં લોખંડના ગૂંચળાની જેમ ફસાઈ ગયો હતો. દોઢ કલાકની ભારે જહેમત બાદ ફાયરના જવાનોએ બારીના કાચ તોડી અને પતરાં કાપીને મુસાફરોને બહાર કાઢ્યા હતા. મૃતકોમાં રાજકોટના હિંમતભાઈ દેવીપૂજક અને અમદાવાદના મોહમ્મદ રફીક શેખનો સમાવેશ થાય છે. ઈજાગ્રસ્તોમાં માનસી કલકર્ણી અને સલમાન ચાવડા સહિતના મુસાફરોને SSG હોસ્પિટલ વડોદરા ખસેડાયા છે. અકસ્માતનો ભોગ બનેલા દિલાવરભાઈ અને ઈરફાનભાઈના જણાવ્યા મુજબ, બસમાં ૬૫ થી ૭૦ મુસાફરો હતા અને ટક્કર વાગતા જ અંધારામાં કશું દેખાતું નહોતું. લોકો જીવ બચાવવા બારીમાંથી નીચે કૂદ્યા હતા. સવાલ એ છે કે હાઈવે પર જોખમી રીતે ઉભેલી ટ્રકો સામે પોલીસ કેમ આંખ આડા કાન કરે છે? શું હાઈવે પેટ્રોલિંગ માત્ર નામ પૂરતું જ છે? હાઈવે-48 પર વધતા જતાં અકસ્માતો અને નિર્દોષોના મોત માટે શું જવાબદાર ડ્રાઈવરો કે વહીવટી તંત્ર સામે કોઈ કડક પગલાં લેવાશે ખરા? કરજણ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે, પરંતુ જેમના પરિવારો ઉજડ્યા છે તેમને કયો ન્યાય મળશે?



# વડોદરા મેરેથોન: નશામુક્તિના સંકલ્પ સાથે દોડશે સંસ્કારી નગરી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મેરેથોનની ૧૩મી આવૃત્તિ આ વર્ષે ઇતિહાસ રચવા જઈ રહી છે. આગામી ૧ ફેબ્રુઆરીએ રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી નવલખી ગ્રાઉન્ડથી આ ભવ્ય દોડનું પ્રસ્થાન કરાવશે. અત્યાર સુધીમાં ૧,૧૦,૦૦૦ થી વધુ ઉત્સાહી દોડવીરોએ નોંધણી કરાવીને આ આયોજનને અભૂતપૂર્વ સફળતા અપાવી છે. આ વર્ષે મેરેથોન માત્ર શારીરિક તંદુરસ્તી પૂરતી મર્યાદિત નથી, પરંતુ માનસિક સ્વાસ્થ્ય અને નશામુક્તિ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. પોલીસ કમિશનરના સહયોગથી તમામ દોડવીરો એકસાથે નશામુક્તિના શપથ લેશે, જે લંડનના વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સમાં નોંધાશે. આ ઉપરાંત, મહારાણી રાધિકારાજે ગાયકવાડે 'ગજરા રન' ની નવી પહેલ રજૂ કરી છે, જેમાં ૭૦૦ થી વધુ LGBTQ સભ્યો ભાગ લઈને સામાજિક સમરસતાનો પરિચય આપશે. દેશ-વિદેશના ખેલાડીઓની હાજરી આ દોડને વૈશ્વિક સ્તરે નવી ઓળખ આપશે. વડોદરાની આ દોડ 'સ્વસ્થ ભારત' અને 'સશક્ત ભારત' ના વિઝનને ગતિ આપનારી બની રહેશે.



**વડોદરા મેરેથોનની 13મી આવૃત્તિમાં 1.10 લાખથી વધુ રજીસ્ટ્રેશન. હર્ષ સંઘવી કરાવશે ફ્લેગ-ઓફ. LGBTQ અને દિવ્યાંગો પણ જોડાશે.**

# ઝાયડસ હોસ્પિટલે VINS હસ્તગત કરી: ન્યુરો કેર ક્ષેત્રે ક્રાંતિ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં આરોગ્ય ક્ષેત્રે મોટું પરિવર્તન આવ્યું છે. શહેરની ખ્યાતનામ ૩૦૦ બેડ ધરાવતી ઝાયડસ મલ્ટિસ્પેશિયાલિટી અને કેન્સર હોસ્પિટલે વડોદરા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુરોલોજીકલ સાયન્સ (VINS) હોસ્પિટલને હસ્તગત કરી છે. VINS હોસ્પિટલ છેલ્લા બે દાયકાથી ન્યુરોલોજીકલ સારવાર માટે પ્રતિષ્ઠિત નામ છે. આ સંપાદનથી ઝાયડસ હોસ્પિટલને ન્યુરો-કેર માટે એક સમર્પિત ૫૦ બેડનું સેન્ટર મળશે.

ચેરમેન પંકજભાઈ પટેલના જણાવ્યા મુજબ, આ જોડાણથી અગ્રણી ક્લિનિકલ કુશળતા અને અદ્યતન ટેકનોલોજી એકસાથે આવશે. VINS ના નિષ્ણાત ડોક્ટરો ડૉ. સુરેશ નાયક, ડૉ. રાકેશ શાહ અને ડૉ. મિહિર આચાર્ય હવે ઝાયડસની ટીમ સાથે જોડાશે. આ નવી શરૂઆતથી બ્રેઈન અને સ્પાઇનલ ટ્યુમર, મુવમેન્ટ ડિસઓર્ડર્સ અને એપિલેપ્સી સર્જરી જેવી જટિલ બીમારીઓનું સંચાલન વધુ સરળ અને સચોટ બનશે. વડોદરા અને મધ્ય ગુજરાતના દર્દીઓને હવે ન્યુરોસાયન્સની જટિલ સારવાર માટે અન્ય શહેરોમાં જવું નહીં પડે, કારણ કે ઝાયડસ હવે આ ક્ષેત્રમાં ભારતનું સૌથી વ્યાપક કેન્દ્ર બનવા તરફ અગ્રેસર છે.

# વડોદરા: લાયન્સ જીમમાં ટ્રેનરોનો આતંક, યુવકને કડાથી ફટકાર્યો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં જીમ ટ્રેનરોની દાદાગીરીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવતા ફિટનેસ પ્રેમીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. અકોટાની જાણીતી લાયન્સ જીમમાં ગુરુવારે સવારે આતંક જેવો માહોલ સર્જાયો હતો. કસરત કરવા આવેલા જયરાજ કહારનો વાંક માત્ર એટલો હતો કે તેણે એક ટ્રેનરને રસ્તો આપવા વિનંતી કરી હતી. શિસ્ત શીખવતા ટ્રેનરોએ અહીં 'ગુંડાબિરાદરી' જેવું વર્તન કરી યુવકને ગંભીર ઈજાઓ પહોંચાડી છે.

જયરાજના જણાવ્યા અનુસાર, તેને ચેન્જિંગ રૂમમાં કોઈ આતંકવાદીની જેમ પકડી રાખવામાં આવ્યો હતો અને ત્રણ લોકોએ તેના પર હુમલો કર્યો હતો. ટ્રેનર મોહન કહારે હાથના કડાને હથિયાર તરીકે વાપરી જયરાજના માથામાં ઘા ઝીંક્યા હતા, જેના કારણે તે સ્થળ પર જ ફસડાઈ પડ્યો હતો. આ હિંસક અથડામણમાં યુવકની કિંમતી સોનાની ચેન પણ ગાયબ થઈ છે. લોહીલુહાણ હાલતમાં યુવકને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આશ્ચર્યની વાત એ છે કે, જે ટ્રેનરો પર સભ્યોની સુરક્ષા અને માર્ગદર્શનની જવાબદારી હોય છે, તેઓ જ આ રીતે હિંસા પર ઉતરી આવ્યા. અકોટા પોલીસ હવે સીસીટીવી ફૂટેજના આધારે ફરાર ટ્રેનરોની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે. શું વડોદરાની જીમમાં હવે બાઉન્સરો અને ટ્રેનરોથી ડરીને કસરત કરવી પડશે? તેવો પ્રશ્ન નાગરિકોમાં ઉઠી રહ્યો છે.

# રાજમહેલ રોડ પર નકલી મોબાઈલ એસેસરીઝનું કૌભાંડ ઝડપાયું


**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના જાણીતા રાજમહેલ રોડ પર ફરી એકવાર ડુપ્લીકેટ માલનું કૌભાંડ સામે આવ્યું છે. બ્રાન્ડેડ કંપનીઓના લોગો લગાવીને સસ્તા અને જોખમી મોબાઈલ એસેસરીઝ વેચાતી હોવાની બાતમીના આધારે રાવપુરા પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે મરી માતાના ખાંચામાં આવેલી મોબાઈલ માર્કેટમાં અચાનક દરોડા પાડ્યા હતા. આ સરપ્રાઈઝ ચેકિંગને પગલે માર્કેટમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

પોલીસને શંકા છે કે અહીં એપલ, સેમસંગ અને વનપ્લસ જેવી મોટી બ્રાન્ડ્સના નામે નકલી ચાર્જર, કેબલ અને ઈયરફોન્સનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. આ નકલી એસેસરીઝ ન માત્ર ગ્રાહકો સાથે આર્થિક છેતરપિંડી છે, પરંતુ મોબાઈલ બ્લાસ્ટ જેવી ઘટનાઓ માટે પણ જવાબદાર છે. પોલીસે શંકાસ્પદ દુકાનોમાંથી મુદ્દામાલની તપાસ શરૂ કરી છે અને બ્રાન્ડ પ્રોટેક્શન એજન્સીઓની પણ મદદ લેવામાં આવી શકે છે. આ કાર્યવાહીથી શહેરના અન્ય ભાગોમાં નકલી માલ વેચતા તત્વોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. રાવપુરા પોલીસની આ આક્રમક ઝુંબેશ આગામી દિવસોમાં વધુ તેજ બનવાના સંકેત છે.

# સુરત: બ્રાન્ડેડના નામે નકલી સીરમનો ખેલ, ઓનલાઈન ગ્રાહકો સાવધાન

**દૈનિક પલ્સ સમાચાર:** શું તમે ઓનલાઇન મંગાવેલું ફેસ સીરમ અસલી છે? સુરતના ગોડાદરામાં પકડાયેલું કૌભાંડ તમારા હોશ ઉડાવી દેશે. બ્રાન્ડેડ કોસ્મેટિકના નામે નકલી કેમિકલ પધરાવી દેવાના આ કૌભાંડે ઈ-કોમર્સ સાઈટ્સની સુરક્ષા અને ગ્રાહકોની સલામતી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. ગોડાદરા પોલીસે હિતેષ કાતરીયા નામના શખ્સની ધરપકડ કરી છે, જે મણીભદ્ર કેમ્પસમાં બેસીને ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતો હતો.

આરોપીની મોડસ ઓપરેન્ડી અત્યંત ઘાતક હતી. તે ફ્લિપકાર્ટ જેવી પ્રતિષ્ઠિત સાઈટના લોગો અને પેકિંગ મટિરિયલનો ઉપયોગ કરતો હતો, જેથી ગ્રાહકને લાગે કે માલ સીધો કંપનીમાંથી આવ્યો છે. હકીકતમાં, બોટલની અંદર રહેલું લિક્વિડ લેબ ટેસ્ટેડ નહીં પણ જોખમી મિશ્રણ હતું. દરોડા દરમિયાન પોલીસે ₹8.21 લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં હજારો નકલી સ્ટીકરો અને ખાલી ડબ્બીઓ મળી આવી છે. આ નકલી પ્રોડક્ટ્સના ઉપયોગથી ત્વચા બળી જવી કે કાયમી એલર્જી થવાનો ખતરો છે. સવાલ એ થાય છે કે આવા કૌભાંડીઓ પાસે અસલી કંપનીના સ્ટીકરો અને પેકિંગ મટિરિયલ પહોંચે છે કઈ રીતે? તંત્ર અને ઓનલાઇન કંપનીઓની રહેમનજર વિના આટલું મોટું નેટવર્ક ચાલવું અશક્ય છે. ગ્રાહકોએ માત્ર બ્રાન્ડનું નામ જોઈને નહીં, પણ સેલરની વિશ્વસનીયતા ચકાસીને જ ઓર્ડર કરવો જોઈએ, અન્યથા મોંઘા સીરમ સસ્તી કિંમતે ખરીદવા જતા મોં પર કાયમી ડાઘા પડી શકે છે.



**સુરતના ગોડાદરામાં જાણીતી બ્રાન્ડના નામે નકલી ફેસ સીરમ બનાવવાનું મસમોટું કૌભાંડ ઝડપાયું છે. ફ્લિપકાર્ટના લોગોનો દુરુપયોગ કરી ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર હિતેષ કાતરીયાની ₹8.21 લાખના નકલી જથ્થા સાથે ધરપકડ કરવામાં આવી છે.**

### એકલેરામાં ગેરકાયદે ગોડાઉનોમાં ભીષણ આગ, ભારે નુકસાન



**દૈનિક પલ્સ સમાચાર:** સુરતના ડીંડોલી અને ભેસ્તાન વચ્ચે આવેલી એકલેરા ચોકડી પાસે મોડી રાત્રે ૩ વાગ્યે કાપડની ચીંદીના ગોડાઉનોમાં વિકરાળ આગ લાગી હતી. ૩ વીઘા વિસ્તારમાં ફેલાયેલા આ ગેરકાયદે ગોડાઉનોમાં લાગેલી આગના ધુમાડા ૫ કિમી દૂરથી દેખાતા હતા. ભેસ્તાન, ડિંડોલી અને સચિન જીઆઈડીસીની ફાયર ટીમોએ ૭ કલાક સુધી પાણીનો મારો ચલાવી સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે ૫૦ ટકા જથ્થો બચાવી લેવાયો છે, પરંતુ ગેરકાયદે ગોડાઉનો સામે સવાલો ઉઠ્યા છે.

### વ્હાઈટ LED લાઈટ પર તવાઈ: RTO પાસે લક્સ મીટર જ નથી!



**દૈનિક પલ્સ સમાચાર:** વાહનોમાં કંપની ફિટિંગ સિવાયની તીવ્ર વ્હાઇટ LED લાઈટ લગાવનારાઓ સામે RTO એ કડક કાર્યવાહી શરૂ કરી છે. અત્યાર સુધી ૧૪૮૪ વાહનચાલકો પાસેથી ૧૪.૮૪ લાખનો દંડ વસૂલાયો છે. જોકે, હાસ્યાસ્પદ બાબત એ છે કે લાઈટની તીવ્રતા માપવા માટેના 'લક્સ મીટર' વગર જ RTO અધિકારીઓ અંદાજે દંડ વસૂલી રહ્યા છે. ૧૦૦૦ રૂપિયાનો દંડ ભરીને ચાલકો છૂટી જાય છે, પરંતુ રજીસ્ટ્રેશન કેન્સલ ન થતા નિયમોનું પાલન માત્ર કાગળ પર રહી ગયું છે.

### સંતકંવર નગર સોસાયટી દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના વારસિયા વિસ્તારમાં આવેલા સંતરામદાસ ખાતે સંતકંવર નગર સિંધ કો.ઓ.સોસાયટી દ્વારા ભવ્ય રક્તદાન શિબિર યોજાઈ હતી. મહેશ છુટ્ટાની અને રાજેશ બલવાની દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સંત મુકેશ સાંઇએ દીપ પ્રાગટ્ય કરી સેવાનો પ્રારંભ કરાવ્યો હતો. સ્થાનિકોના ભારે ઉત્સાહ વચ્ચે ૩૭૨ યુનિટ રક્ત એકત્ર થયું હતું. આ શિબિરે જરૂરિયાતમંદ દર્દીઓ માટે સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

## પલસાણામાં લોકશાહીની હત્યા? હજારો મતદારોના નામ કાપવાનું ષડયંત્ર

### બલેશ્વર: 1092 મતદારોના નામ કાપવા ફોર્મ નં.7 ના નામે ખેલ

**દૈનિક પલ્સ સમાચાર:** પલસાણા તાલુકામાં મતદાર યાદીમાં થયેલી ગરબડ માત્ર ટેકનિકલ ભૂલ નથી પણ લોકશાહીની હત્યા કરવાનું સુનિયોજિત ષડયંત્ર છે. બલેશ્વર ગામના બૂથ નંબર ૨૩૯ થી ૨૯૩ સુધીના વિસ્તારોમાંથી ૧૦૯૨ જેટલા વાંધા અરજીના ફોર્મ ભરાયા છે, જેનો હેતુ મુસ્લિમ મતદારોના નામ કાઢી નાખવાનો છે.

ગામના જાગૃત આગેવાનો હેમંતભાઈ પટેલ અને લુકમાન સિદારની રજૂઆત બાદ આ કૌભાંડનો પર્દાફાશ થયો છે. તપાસમાં બહાર આવ્યું કે ફોર્મ પર જે EPIC નંબર અને નામ હતા, તે વ્યક્તિઓ અહીં રહેતી જ નથી. મામલતદાર પાસે ૧૦૯૨ ફોર્મ પહોંચ્યા અને બીજા ૧૦૯૨ ટીડીઓ પાસે હોવાનું સામે આવ્યું છે. આટલા મોટા પાયે 'સામૂહિક નામ કાપણી' ની પ્રક્રિયા વહીવટી આશીર્વાદ વિના શક્ય નથી તેવું ગ્રામજનોનું માનવું છે. ઇટાલવા અને મલેકપુર જેવા ગામોમાં પણ આવી જ રીતે સેંકડો ફોર્મ ભરીને લોકોને ગેરમાર્ગે દોરવામાં આવ્યા છે. કોંગ્રેસના નેતાઓએ પલસાણા અને કડોદરામાં ભારે વિરોધ નોંધાવી તપાસની માંગ કરી છે. જો સમયસર આ ફોર્મ રદ કરવામાં નહીં આવે, તો હજારો નાગરિકો વોટ આપવાના અધિકારથી વંચિત રહી જશે. આ ઘટનાએ ચૂંટણી પંચની વિશ્વસનીયતા સામે પણ મોટા સવાલો ઉભા કર્યા છે.



**પલસાણા તાલુકાના બલેશ્વર સહિતના મુસ્લિમ બહુમતી ધરાવતા ગામોમાં મતદારોને મતાધિકારથી વંચિત રાખવાનું ગંદું રાજકારણ શરૂ થયું છે. બલેશ્વરમાં ૧૦૯૨, માખીંગામાં ૬૨ અને મલેકપુરમાં ૧૬૦ જેટલા શંકાસ્પદ "નમૂના નંબર 7" ફોર્મ ભરીને નામો કાપવાનો પ્રયાસ કરાયો છે. ચોંકાવનારી વાત એ છે કે આ ફોર્મ ભરનારા વ્યક્તિઓ સ્થાનિક રહેવાસી પણ નથી. મામલતદાર અને ટીડીઓ કચેરીમાં આટલી મોટી સંખ્યામાં ફોર્મ ચકાસણી વિના કેવી રીતે સ્વીકારાયા? કોંગ્રેસ નેતાઓએ આ મામલે કલેક્ટર સુધી રજૂઆત કરી તપાસની માંગ કરી છે.**

## પાટીદાર સમાજમાં નવા 'બંધારણ' માટે મથુર સવાણીની પહેલ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ અને સામાજિક અગ્રણી મથુર સવાણીએ પાટીદાર સમાજના ઉત્થાન માટે 'નવા બંધારણ'ની હિમાયત કરી છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા તેમના વીડિયોને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદ બાદ તેમણે સમાજ સંગઠનોને પત્ર લખ્યો છે. મથુર સવાણીએ ચિંતા વ્યક્ત કરી છે કે સામાજિક રિવાજો પર કાપ મૂકવાની બાબતમાં પાટીદાર સમાજ અન્ય જ્ઞાતિઓ કરતા પાછળ રહી ગયો છે. આ પત્ર દ્વારા તેમણે સોનું આપવા, વેવિશાળ અને લગ્ન જેવા પ્રસંગોમાં થતા અઢળક ખર્ચને નિયંત્રિત કરવાની રણનીતિ રજૂ કરી છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય સામાજિક પ્રસંગોના બિનજરૂરી ખર્ચ બચાવીને તે નાણાંનો ઉપયોગ શિક્ષણ અને વેપારના વિકાસ માટે કરવાનો છે. તેમણે ૧૦૦૦થી વધુ પાટીદાર સંગઠનોના આગેવાનોને પત્ર પાઠવી સ્થાનિક સ્તરે ચર્ચાઓ શરૂ કરવા જણાવ્યું છે. જો સમાજના તમામ સ્તરેથી આ બંધારણને સમર્થન મળશે, તો આગામી સમયમાં પાટીદાર સમાજમાં આર્થિક અને સામાજિક ક્ષેત્રે મોટી ક્રાંતિ જોવા મળી શકે છે.




## સેટેલાઈટ ચોરી: 1.47 કરોડનો મુદ્દામાલ અને બે રીઢા તસ્કર ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર:** સુરક્ષિત ગણાતા સેટેલાઈટ વિસ્તારમાં તસ્કરોએ પોલીસ પેટ્રોલિંગની પોલ ખોલી નાખી છે. માણેકબાગ સોસાયટીમાં ડૉક્ટરના બંધ મકાનમાંથી ₹1.47 કરોડની ચોરીની ઘટનાએ સ્થાનિકોમાં ફફડાટ ફેલાવ્યો હતો. ડૉક્ટર પરિવાર સાથે વિદેશ પ્રવાસે ગયા હોવાની રેકી કરી રિક્ષાચાલક કમલેશ પરમાર અને મેહુલે આ જઘન્ય ગુનો આચર્યો હતો. આરોપી કમલેશ આ સોસાયટીથી પહેલેથી જ વાકેફ હતો કારણ કે તે અગાઉ પણ અહીં ચોરી કરી ચૂક્યો હતો, જે તંત્રની નિષ્ફળતા દર્શાવે છે.

શાતિર તસ્કરોએ દોઢ કલાક સુધી ઘરમાં રોકાઈને તિજોરી સાફ કરી હતી અને પકડાઈ જવાના ડરથી CCTVનું DVR પણ નદીમાં પધરાવી દીધું હતું. જોકે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે 200થી વધુ CCTV ફૂટેજ ચેક કરીને આરોપીઓને દબોચી લીધા છે. ચોરીની રકમમાંથી ₹5 લાખની નવી કાર બુક કરાવનારા આ શખ્સો મોજશોખ પૂરા કરવા ગુનાખોરીના રસ્તે ચડ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ, 100% મુદ્દામાલ એટલે કે ₹1.01 કરોડના દાગીના અને ₹45 લાખની રોકડ કબજે કરવામાં આવી છે. એક રીઢો ગુનેગાર વારંવાર જેલમાંથી છૂટીને એ જ વિસ્તારમાં ફરી ચોરી કરે છે, તે પોલીસની 'સર્વેલન્સ' સિસ્ટમ સામે ગંભીર સવાલો ઉભા કરે છે. શું ગુનેગારોમાં હવે કાયદાનો કોઈ ડર બાકી નથી રહ્યો?



**અમદાવાદના સેટેલાઈટમાં ડૉક્ટરના બંધ મકાનમાંથી થયેલી ₹1.47 કરોડની ચોરીનો ભેદ ક્રાઈમ બ્રાન્ચે ઉકેલી નાખ્યો છે. રિક્ષા ચલાવતા બે મિત્રોએ દુબઈ ગયેલા પરિવારના ઘરને નિશાન બનાવ્યું હતું. પોલીસે 100% મુદ્દામાલ સાથે બંનેની ધરપકડ કરી છે.**

## મોરબી બ્રિજ હોનારત: હાઈકોર્ટે સરકાર પાસે માંગ્યો જવાબ

**દૈનિક પલ્સ સમાચાર:** મોરબીની ગોઝારી ઘટનાને લાંબો સમય વીતવા છતાં ન્યાયની પ્રક્રિયા હજુ તંત્રની આડોડાઈમાં અટવાયેલી છે. હાઈકોર્ટમાં થયેલી સુનાવણીમાં ચીફ જસ્ટિસની બેન્ચે સરકારને પૂછ્યું કે મોરબી બ્રિજના રિસ્ટોરેશન માટે હજુ સુધી કોઈ નક્કર પ્લાન સામે કેમ આવ્યો નથી? હેરિટેજ પુલને મૂળ સ્વરૂપમાં લાવવા માટે શું કાર્યવાહી કરશો તે અંગે સોગંદનામું કરવા આદેશ આપ્યો છે.

ચોંકાવનારી વાત એ છે કે, જે અધિકારીઓની બેદરકારીએ સેંકડોના જીવ લીધા, તેમની સામે સરકારે માત્ર 'પગાર કાપ' જેવી મામૂલી સજા કરી સંતોષ માન્યો છે. પીડિતો તરફથી દંડાત્મક વળતરની માંગ કરાઈ હતી, જેની સામે ઓરેવા કંપનીએ જવાબ આપ્યો છે પરંતુ સરકાર હજુ મૌન સેવી રહી છે. હાઈકોર્ટે પીડિતોના વકીલોને ટકોર કરી કે સુઓમોટો PILમાં કોર્ટની એક સીમા હોય છે, દંડાત્મક વળતર માટે સિવિલ કોર્ટમાં જવું જોઈએ. જોકે, અનાથ બાળકોના શિક્ષણ અને ઇજાગ્રસ્તોની સારવારના ખર્ચ મુદ્દે કોર્ટે સતર્કતા દાખવી છે. સવાલ એ છે કે 135 થી વધુ જીવ લેનારા કાંડમાં અધિકારીઓને આવી મામૂલી સજા શું ન્યાયી છે?



## અમદાવાદ: ફતેહવાડીમાં છરીના ઘા ઝીંકી યુવકની ક્રૂર હત્યા

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદનો સરખેજ વિસ્તાર ફરી એકવાર લોહિયાળ હત્યાથી ધ્રૂજી ઉઠ્યો છે. હમીદાનગર સોસાયટીમાં રહેતા મૂળ યુપીના આમીર મુકીમ શેખની હત્યાએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ઉઘાડી પાડી દીધી છે. પત્નીના પૂર્વ પતિ સાથેની અદાવતમાં આમીરે જીવ ગુમાવવો પડ્યો છે. અફસાના નામની મહિલા ૨૦૨૦થી પૂર્વ પતિને છોડીને આમીર સાથે રહેતી હતી, જેના અગાઉના લગ્નથી ૬ બાળકો છે. એક સામાન્ય મેસેજે એવી આગ લગાવી કે પૂર્વ પતિ જમાલપુરથી છરી લઈને ફતેહવાડી પહોંચી ગયો અને આમીરને રહેંસી નાખ્યો.

ACP એ.બી. વાણંદના જણાવ્યા મુજબ, આરોપીને શંકા હતી કે આમીર તેના બાળકોને મારે છે. આ ઝઘડામાં આરોપીએ છરીના ઘા મારી આમીરનું સ્થળ પર જ મોત નિપજાવ્યું હતું. જોકે, પોલીસની સતર્કતાને કારણે આરોપી ભાગવામાં નિષ્ફળ રહ્યો અને પકડાઈ ગયો છે. સવાલ એ થાય છે કે લોકોમાં કાયદાનો ડર કેમ રહ્યો નથી? શું સામાન્ય બબાલમાં કોઈની હત્યા કરી નાખવી એ હવે અમદાવાદમાં સામાન્ય વાત બની ગઈ છે? ભરચક વસ્તીવાળા વિસ્તારમાં જાહેરમાં છરીઓ ઉછળે અને પોલીસની હાજરી માત્ર ઘટના બાદ જ જોવા મળે, તે ક્યાંનો ન્યાય છે? મૃતદેહને સોલા સિવિલ ખસેડવામાં આવ્યો છે, પરંતુ ફતેહવાડીમાં વ્યાપેલો ફફડાટ પોલીસની કાર્યપ્રણાલી પર આંગળી ચીંધી રહ્યો છે.



## મેળામાં VIP કલ્ચર કેમ? વિપક્ષ નેતા લલિત પસારાના તંત્ર પર પ્રહાર

**દૈનિક પલ્સ સમાચાર:** લોકમેળો હોય કે ધાર્મિક મેળો, તે સામાન્ય માનવીના આનંદ માટે હોય છે, પરંતુ આજકાલ વહીવટી તંત્રની કૃપાથી મેળાઓ 'વીઆઈપી પ્રદર્શન' ના મેદાનો બની ગયા છે. આ ગંભીર મુદ્દે વિપક્ષ નેતા લલિત પસારાએ આજે પત્રકાર પરિષદમાં તંત્રની શાન ઠેકાણે લાવતી આકરી ટકોર કરી છે. તેમણે મેળામાં ફેલાયેલા બેવડા ધોરણો અને વીઆઈપી કલ્ચરના વરવા દ્રશ્યો સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે.

લલિત પસારાએ તંત્રને સવાલ પૂછતા કહ્યું કે, "ભરડાવાવથી સામાન્ય જનતાના વાહનો અટકાવી દેવામાં આવે છે, જેના કારણે સામાન્ય નાગરિકો, બાળકો અને વૃદ્ધોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. તો પછી મોટા ગજાના અધિકારીઓ, પદાધિકારીઓ અને મંત્રીઓના વાહનો પર પ્રતિબંધ કેમ નથી?" શું કાયદો માત્ર ગરીબ અને મધ્યમ વર્ગ માટે જ છે? સત્તાના નશામાં ચૂર નેતાઓ અને અધિકારીઓ માટે અલગ નિયમો કેમ? વધુમાં તેમણે જણાવ્યું કે, મહાદેવના દર્શને જતા શ્રદ્ધાળુઓમાં કોઈ મોટું કે નાનું હોતું નથી. ભગવાન માટે દરેક નાગરિક સામાન્ય જ છે. છતાં પણ તંત્ર દ્વારા મંત્રીઓને જે રીતે વિશેષ છૂટછાટ અને સુવિધાઓ આપવામાં આવે છે, તે સામાન્ય જનતાની મજાક સમાન છે. "એકને ગોળ અને એકને ખોળ" જેવી તંત્રની આ નીતિ લોકશાહીના મૂલ્યોની વિરુદ્ધ છે. જો સુરક્ષા કે ટ્રાફિકના નામે વાહનો પર પ્રતિબંધ મુકાયો હોય, તો તે મંત્રીઓ અને અધિકારીઓના વાહનો પર પણ સમાન રીતે લાગુ થવો જોઈએ.

વિપક્ષ નેતાએ ચીમકી ઉચ્ચારી છે કે જો તંત્ર આ વીઆઈપી કલ્ચર બંધ નહીં કરે અને સામાન્ય લોકોને પડતી મુશ્કેલીઓનો ઉકેલ નહીં લાવે તો જનતાના આક્રોશનો સામનો કરવો પડશે. મેળાને સામાન્ય જનતાનો જ રહેવા દો, તેને સત્તાધિશોના મોજશોખનું સાધન ન બનાવો. આ પત્રકાર પરિષદ દ્વારા લલિત પસારાએ સ્પષ્ટ કરી દીધું છે કે કાયદાનું પાલન સૌએ કરવું જોઈએ, પછી તે સામાન્ય માણસ હોય કે રાજ્યનો મંત્રી.

**આણંદમાં મતદાર યાદી સુધારણાના બહાને મુસ્લિમ મતદારોના નામ રદ કરવાનું મોટું ષડયંત્ર ચલાવવામાં આવી રહ્યું છે. જમીઅતે ઉલેમાએ કલેક્ટરને આવેદન આપી લોકશાહીના ચીરહરણ સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. મતાધિકાર છીનવી લેવાના આ ખેલમાં તંત્રની ભૂમિકા શંકાસ્પદ છે.**

## સંતરામપુર: હીરાપુરમાં જમીન વિવાદમાં લોહિયાળ જંગ,

**દૈનિક પલ્સ સમાચાર:** સંતરામપુરના હીરાપુર ગામે જમીન વિવાદમાં વણસેલી પરિસ્થિતિએ સમગ્ર પંથકને હચમચાવી દીધો છે. લોહીના સંબંધોમાં જમીનનો ટુકડો એટલો મોટો બની ગયો કે બે પરિવારો એકબીજાના લોહીના તરસ્યા બન્યા હતા. આ ઝઘડા દરમિયાન એક યુવકે સામાજિક મર્યાદાઓની તમામ હદો વટાવી દીધી હતી. તેણે મહિલાઓની હાજરીમાં જાહેરમાં કપડાં ઉતારીને બીભત્સ પ્રદર્શન કર્યું હતું અને ગાળો ભાંડી પથ્થર વડે હુમલો કર્યો હતો. આ પથ્થરમારામાં અક્ષય નામનો યુવક ગંભીર રીતે ઘાયલ થયો છે. લોહીલુહાણ હાલતમાં તેને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે દાહોદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ઘટનાની ગંભીરતા ત્યારે વધી જ્યારે હુમલાખોરોએ પોલીસની હાજરીમાં પણ હિંસા ચાલુ રાખી હતી અને પોલીસ વાન પર પણ હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટનાના દ્રશ્યો મોબાઈલ કેમેરામાં કેદ થયા છે અને સોશિયલ મીડિયા પર વાયરલ થતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. પોલીસ વિભાગે આ મામલે કડક વલણ અપનાવ્યું છે. વાયરલ વીડિયોમાં દેખાતા તમામ શખ્સોની ઓળખ કરી તેમની ધરપકડ કરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે. જમીનના નાના વિવાદમાં જે રીતે હિંસા અને અશ્લીલતા આચરવામાં આવી છે તેનાથી ગ્રામીણ સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**

**સંતરામપુરના હીરાપુર ગામે જમીન વિવાદમાં બે પરિવારો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. એક યુવકે બીભત્સ વર્તન કરી પથ્થરમારો કરતા અક્ષય નામનો યુવક ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયો છે, જેને સારવાર માટે દાહોદ ખસેડાયો છે. ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા**

## ડાંગમાં કમોસમી વરસાદની આફત: માવઠું પડતા ખેડૂતોનો શિયાળુ પાક બરબાદ

**દૈનિક પલ્સ સમાચાર**: ડાંગ જિલ્લાના ખેડૂતો પર આજે આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. બદલાયેલા હવામાન વચ્ચે જિલ્લાના ચીકટીયા ગામ સહિતના અંતરિયાળ વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસેલા કમોસમી વરસાદે ખેતીને પાયમાલ કરી નાખી છે. ભરશિયાળે અચાનક સર્જાયેલા અષાઢી માહોલે તંત્રની પોલ ખોલી નાખી છે અને ખેડૂતોને આર્થિક ખાડામાં ધકેલી દીધા છે.

કમોસમી વરસાદના કારણે ડાંગના મુખ્ય શિયાળુ પાકો જેવા કે ઘઉં, ચણા અને શાકભાજીના વાવેતરને ભારે ફટકો પડ્યો છે. ટામેટા અને મરચાં જેવા રોકડિયા પાકોના ફૂલ ખરી પડતા કે ફળ કોહવાઈ જતાં ખેડૂતોની આખી સિઝન નિષ્ફળ જવાની ભીતિ છે. ખેતરોમાં ખુલ્લામાં રાખેલો પશુઓનો ઘાસચારો પલળી જતાં હવે પશુપાલકોએ પણ આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સ્થાનિક ખેડૂતો ભારે આક્રોશ સાથે જણાવી રહ્યા છે કે, "સરકાર ડિજિટલ ઇન્ડિયાની વાતો કરે છે પણ કમોસમી વરસાદ જેવી આફતમાં અમને બચાવવા માટે કોઈ નક્કર માળખું નથી."

ચીકટીયા ગામમાં માર્ગો પર પાણી ફરી વળતા જનજીવન તો અસ્તવ્યસ્ત થયું જ છે, પણ સૌથી વધુ પીડા ખેડૂતોની આંખોમાં દેખાય છે. મોંઘા ભાવના બિયારણ અને મજૂરીના નાણાં ક્યાંથી કાઢવા તે મોટો પ્રશ્ન છે. હવામાન વિભાગ આગામી ૨૪ કલાક વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી કરી રહ્યું છે, જે ખેડૂતો માટે પડ્યા પર પાટું સમાન છે. સરકાર પાસે ખેડૂતોની એક જ માંગ છે કે કાગળ પરના સર્વે કરવાને બદલે તાત્કાલિક ધોરણે નુકસાનીનું વળતર ચૂકવવામાં આવે. જો સમયસર સહાય નહીં મળે, તો આદિવાસી બાહુલ્ય ધરાવતા ડાંગ જિલ્લાનો ખેડૂત દેવાના ડુંગર નીચે દબાઈ જશે. કુદરત તો રૂઠી જ છે, પણ હવે જો સરકાર પણ નિર્દયી બનશે તો ખેડૂતો માટે જીવવું દુષ્કર બની જશે.

**કુદરતની થપાટે ડાંગના ખેડૂતોને પાયમાલ કરી દીધા છે. જિલ્લાના અંતરિયાળ ચીકટીયા ગામમાં ગાજવીજ સાથે ખાબકેલા કમોસમી વરસાદે શિયાળુ ખેતીનો ખુરદો બોલાવી દીધો છે. મોંઘા બિયારણ અને ખાતરના જોરે ઉછારેલા શાકભાજી, ઘઉં અને ચણાના પાકમાં નુકસાન થતા ખેડૂતોના મોં સુધી આવેલો કોળિયો છીનવાઈ ગયો છે. ઘાસચારો પલળી જવાથી પશુપાલકોની હાલત પણ કફોડી બની છે. હવામાન વિભાગની આગાહી છતાં તંત્ર દ્વારા પૂરતી સાવચેતી ન રખાતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.**

# મેમદપુરમાં ગ્રામોત્થાન યોજના હેઠળ નવી ગ્રામ પંચાયતનું ભવ્ય ખાતમુહૂર્ત

## જોટાણાના મેમદપુરમાં ગ્રામોત્થાન યોજનાનો શુભારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતના ગ્રામીણ વિસ્તારોને સ્માર્ટ અને આધુનિક બનાવવાની નેમ સાથે રાજ્ય સરકાર દ્વારા ગ્રામોત્થાન યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આણંદ જિલ્લાના ભાદરણ ગામથી ૨૬૬૬ ગ્રામ પંચાયતોનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું, જેના અનુસંધાને મહેસાણા જિલ્લાના મેમદપુર ગામે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

મેમદપુર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં બેચરાજી ધારાસભ્ય શ્રી સુખાજી ઠાકોર અને મહેસાણા ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલે હાજર રહી ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કર્યું હતું. ધારાસભ્યોએ તેમના ઉદબોધનમાં સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ પર પ્રકાશ પાડ્યો અને ગામડાઓને આત્મનિર્ભર બનાવવાની હિમાયત કરી હતી. ગ્રામોત્થાન યોજના હેઠળ ગામડાઓમાં રસ્તા, ગટર અને અન્ય જાહેર સુવિધાઓને શહેરી સ્તરે લઈ જવાનો સરકારનો ઉમદા સંકલ્પ છે.

જિલ્લા કલેક્ટર એસ.કે. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. હસરત જૈસમીન અને પ્રાંત અધિકારી આશિષ મિયાત્રાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં આણંદથી મુખ્યમંત્રીના પ્રવચનનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. અગ્રણી ગીરીશભાઈ રાજગોર, તાલુકા પંચાયતના પ્રમુખ અને વિવિધ વિભાગના અધિકારીઓ સહિત ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉમટી પડીને મેમદપુરના વિકાસ કાર્યોમાં સહભાગી બન્યા હતા. આ આયોજન દ્વારા ગ્રામીણ જનતાને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવાની દિશામાં મજબૂત કદમ ઉઠાવવામાં આવ્યું છે.

**રિપોર્ટ : ભુરાજી ઝાલા**



**રાજ્યવ્યાપી ગ્રામોત્થાન યોજના હેઠળ મહેસાણાના જોટાણા તાલુકાના મેમદપુર ગામે ગ્રામ પંચાયત ઘરનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. ધારાસભ્ય સુખાજી ઠાકોર અને મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓની માહિતી આપી ગ્રામીણ વિકાસ પર ભાર મુકાયો હતો.**

# પાટણવાવ: જુગાર રમતા 6 ઝડપાયા, 1.02 લાખનો મુદ્દામાલ જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકની સૂચનાથી એલ.સી.બી. (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) દ્વારા જુગાર અને દારૂ જેવી પ્રવૃત્તિઓ નાબૂદ કરવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ દરમિયાન એલ.સી.બી.ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે પાટણવાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કેટલાક શખ્સો એકત્રિત થઈને નોટ નંબરીનો જુગાર રમી રહ્યા છે.

બાતમીના સ્થળે ઓચિંતો દરોડો પાડતા પોલીસને સફળતા મળી હતી. જાહેરમાં પૈસા વતી નોટોના નંબર પર નસીબ અજમાવતા 6 ઈસમોને પોલીસે ઝડપી લીધા હતા. દરોડા દરમિયાન આરોપીઓ પાસેથી રોકડ રકમ, અંગઝડતી અને મોબાઈલ ફોન સહિત કુલ ₹1,02,530નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે તમામ મુદ્દામાલ જપ્ત કરી છએ શખ્સોની અટકાયત કરી છે. પાટણવાવ પોલીસ મથકમાં જુગારધારા હેઠળ આ શખ્સો વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.ની આ કામગીરીથી ગ્રામ્ય વિસ્તારોમાં છૂપી રીતે ચાલતા જુગારના અડ્ડાઓ પર ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આગામી દિવસોમાં પણ આવી અસામાજિક પ્રવૃત્તિઓ સામે કડક ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

**રીપોર્ટ : નયનભાઈ રાવરાણી**



# જંગલેશ્વરમાં 1358 મિલકતો પર બુલડોઝર ફરશે, હજારો પરિવારો બેઘર

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટનું જંગલેશ્વર અત્યારે 'ટોક ઓફ ધ ટાઉન' બન્યું છે, પરંતુ આ ચર્ચા વિકાસની નહીં પણ વિનાશની છે. સરકારી જમીન પર ખડકાયેલી 1358 મિલકતોને જમીનદોસ્ત કરવાની આખરી નોટિસ મળતા હજારો લોકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. કલેક્ટર કચેરીમાં જ્યારે આ લોકો રજૂઆત કરવા પહોંચ્યા ત્યારે વાતાવરણ ગમગીન બની ગયું હતું. રોતા-રોતા ગરીબ મહિલાઓ અને વૃદ્ધોએ કલેક્ટર સમક્ષ કરગરતા કહ્યું કે, તેમને કાં તો વૈકલ્પિક આવાસ (ક્વાર્ટર) ફાળવવામાં આવે અથવા તો સ્થળાંતર માટે થોડો વધુ સમય આપવામાં આવે. લોકોની વ્યથા એ છે કે ડિમોલિશનની અફવા અને નોટિસના કારણે આસપાસના વિસ્તારોમાં મકાન માલિકોએ ભાડામાં તોતિંગ વધારો ઝીંકી દીધો છે. જે મકાન 4 હજારમાં મળતું હતું તેના હવે 15 હજાર માંગવામાં આવે છે. આટલી મોંઘવારીમાં ગરીબ વર્ગ ક્યાં જાય? પરંતુ કલેક્ટરે માનવીય અભિગમ દાખવવાને બદલે કાયદાકીય પાસાં આગળ ધરી સમય આપવાનો ઇનકાર કર્યો છે. તંત્ર હવે 'રેવન્યુ ઓફિસર્સ ડાયરી' ના આધારે એક પછી એક દબાણો તોડવાની તૈયારીમાં છે. સવાલ એ થાય છે કે વર્ષો સુધી જ્યારે આ દબાણો ખડકાયા ત્યારે તંત્ર ક્યાં સૂતું હતું? અને હવે જ્યારે હજારો લોકો રસ્તા પર આવવાની અણી પર છે ત્યારે તેમને કોઈ વિકલ્પ આપવાની જવાબદારી સરકારની નથી? **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**




**રાજકોટના જંગલેશ્વરમાં સરકારી જમીન પર ખડકાયેલી 1358 મિલકતો પર ડિમોલિશનની અંતિમ નોટિસથી ફફડાટ ફેલાયો છે. રહેવાસીઓએ આવાસ અને સમયની માંગ સાથે કલેક્ટરને રજૂઆત કરી હતી, પરંતુ તંત્રએ કોઈ પણ રાહત આપવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો છે.**

# પરબિયામાં પોલીસ ત્રાટકી, વિદેશી દારૂનો જથ્થો જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર હોય તેવું ખેડા જિલ્લાના સેવાલિયામાં બનેલી ઘટના પરથી પ્રતીત થાય છે. 30 જાન્યુઆરીના રોજ સેવાલિયા પોલીસે પરબિયા ગામની સીમમાં ફિલ્મી ઢબે દરોડો પાડીને વિદેશી દારૂનું મોટું વેચાણ નેટવર્ક ઝડપી પાડ્યું છે. ખેડા પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા 27 થી 30 જાન્યુઆરી દરમિયાન આયોજિત ખાસ ડ્રાઈવના અંતિમ દિવસે આ સફળતા મળી છે.

દરોડા દરમિયાન પોલીસે 'બ્લુ સ્ટ્રોક એક્ઝિક્યુટિવ વ્હિસ્કી' અને 'ડિસ્કાઉન્ટ પ્રીમિયમ વ્હિસ્કી'ના કુલ 465 સીલબંધ ક્વાર્ટર કબજે કર્યા છે, જેની કિંમત ₹67,425 થાય છે. કુલ મુદ્દામાલ ₹77,425 આંકવામાં આવ્યો છે. 32 વર્ષીય આરોપી ભારતભાઈ મણિભાઈ પટેલિયાની સ્થળ પરથી ધરપકડ કરવામાં આવી છે. જોકે, આ આખા નેટવર્કનો અસલી ખેલાડી બલવંત પરમાર પોલીસના હાથમાં આવ્યો નથી. આ ઘટનાએ સાબિત કર્યું છે કે સ્થાનિક બુટલેગરો ગ્રામીણ વિસ્તારોને સુરક્ષિત આશ્રયસ્થાન માની રહ્યા છે. એએસઆઈ નરેશભાઈ અને કોન્સ્ટેબલ રાહુલકુમારની ટીમે બાતમીના આધારે આ લપડાક તો મારી છે, પરંતુ જ્યાં સુધી મુખ્ય સપ્લાયર બલવંત જેવા માથભારે શખ્સો જેલના સળિયા પાછળ નહીં જાય, ત્યાં સુધી દારૂબંધીના નામે માત્ર નાની માછલીઓ જ પકડાતી રહેશે.





**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

# આર્થિક સર્વે: વિશ્વના સૌથી ઝડપી વિકસતા ટોપ-10 શહેરોમાં ગુજરાતનું વર્ચસ્વ

**દૈનિક પલ્સ સમાચાર:** ભારત આજે વિશ્વના આર્થિક નકશા પર ચમકી રહ્યું છે અને તેમાં ગુજરાતનું યોગદાન અતુલ્ય છે. સંસદમાં રજૂ થયેલા લેટેસ્ટ આર્થિક સર્વેમાં એક ચોંકાવનારો અને આનંદદાયક ખુલાસો થયો છે કે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા 10 શહેરોમાં ગુજરાતના બે મહાનગરો સુરત અને રાજકોટે પોતાની અનોખી ઓળખ બનાવી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે ઓક્સફર્ડ ઇકોનોમિક રિસર્ચના અહેવાલને ટાંકીને જણાવ્યું કે, 2019 થી 2035 ના સમયગાળા દરમિયાન સુરત વિશ્વનું સૌથી ઝડપી વૃદ્ધિ દર ધરાવતું શહેર સાબિત થશે.

સુરત માટે આ અંદાજ 9.17% ના વાર્ષિક વિકાસ દરનો છે. આંકડાકીય દ્રષ્ટિએ જોઈએ તો, વર્ષ 2018 માં સુરતનો જીડીપી અંદાજે ₹2.67 લાખ કરોડ હતો, જે 2035 સુધીમાં કુદકે ને ભૂસકે વધીને ₹11.65 લાખ કરોડ સુધી પહોંચવાની સંભાવના છે. સુરત જે અત્યાર સુધી ડાયમન્ડ અને ટેક્સટાઇલ માટે જાણીતું હતું, તે હવે સર્વિસ સેક્ટર અને હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગમાં પણ આગવું પ્રદાન આપી રહ્યું છે. સાથોસાથ સૌરાષ્ટ્રની શાન ગણાતું રાજકોટ પણ 8.33% ના જબરદસ્ત વિકાસ દર સાથે આ યાદીમાં સાતમા ક્રમે છે. રાજકોટનો જીડીપી 2018 ના ₹62,503 કરોડથી વધીને 2035 માં ₹2.45 લાખ કરોડ થવાનો લક્ષ્યાંક છે. રાજકોટની આ સફળતા પાછળ તેની મજબૂત એન્જિનિયરિંગ ઇન્ડસ્ટ્રી, શ્રેષ્ઠ માર્ગ કનેક્ટિવિટી અને સ્થાનિક સાહસિકોની નવા પ્રયોગો કરવાની ક્ષમતા જવાબદાર છે.

આર્થિક સર્વેમાં નોંધાયું છે કે શહેરીકરણની આ ઝડપી પ્રક્રિયા ભારતને 5 ટ્રીલિયન ડોલરના અર્થતંત્રના લક્ષ્ય સુધી પહોંચાડવામાં મદદરૂપ થશે. આ યાદીમાં સુરત ઉપરાંત આગ્રા, બેંગલુરુ, હૈદરાબાદ, નાગપુર, તિરુપુર, રાજકોટ અને વિજયવાડા જેવા શહેરોનો પણ સમાવેશ થાય છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે આવનારા દાયકામાં સુરત અને રાજકોટ માત્ર ગુજરાતના જ નહીં, પણ સમગ્ર વિશ્વના રોકાણકારો માટે મુખ્ય 'હોટસ્પોટ' બની રહેશે. ગુજરાતના આ બે મહાનગરો વિકાસના એન્જિન તરીકે ભારતની આર્થિક ઉર્જાને નવી ઊંચાઈઓ પર લઈ જશે.

**સંસદમાં રજૂ થયેલા આર્થિક સર્વે મુજબ, વિશ્વના સૌથી ઝડપી વિકસતા ટોપ-10 શહેરોમાં સુરત પ્રથમ અને રાજકોટ પણ સ્થાન પામ્યું છે. 2019-2035 ના સમયગાળામાં સુરત 9.17% અને રાજકોટ 8.33% ના વૃદ્ધિ દર સાથે વિકાસના ગ્લોબલ એન્જિન બનશે.**

# ગુજરાતમાં મિશ્ર ઋતુ: ઠંડીમાં ઘટાડો અને વાદળછાયું વાતાવરણ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતના હવામાનમાં આજે મોટો ઉલટફેર જોવા મળ્યો છે. સવારના લઘુતમ તાપમાનમાં અચાનક 2 થી 5 ડિગ્રીનો વધારો નોંધાતા હાડ થીજવતી ઠંડી ગાયબ થઈ છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં હવામાં ભેજનું પ્રમાણ 70 થી 80 ટકાની આસપાસ નોંધાતા ધાબડિયું વાતાવરણ સર્જાયું હતું. રાજકોટમાં આજે લઘુતમ તાપમાન 15 ડિગ્રી અને ભેજ 79 ટકા રહેતા વાતાવરણમાં મિશ્ર અહેસાસ જોવા મળ્યો હતો. રાજ્યના અન્ય શહેરોમાં તાપમાનની સ્થિતિ જોઈએ તો અમદાવાદમાં 15.9, વડોદરામાં 16.8 અને ભાવનગરમાં 17.7 ડિગ્રી તાપમાન નોંધાયું છે. નલિયામાં હજુ પણ 8.6 ડિગ્રી સાથે તીવ્ર ઠંડીનું મોજું યથાવત છે. જામનગરમાં છેલ્લા બે દિવસથી બર્ફિલા પવન ફૂંકાઈ રહ્યા હતા, પરંતુ આજે લઘુતમ તાપમાન 1.5 ડિગ્રી વધીને 14.5 ડિગ્રી થતા ઠંડીમાં સામાન્ય ઘટાડો થયો છે. જોકે પવનની ગતિ હજુ પણ પ્રતિ કલાક 8.8 કિમીની રહેતા વાતાવરણમાં ઠંડક જળવાઈ રહી છે. સોરઠ પંથકમાં પણ તાપમાનમાં 4.2 ડિગ્રીનો મોટો વધારો થયો છે અને પવનની ગતિ ઘટતા ઠંડીમાં રાહત મળી છે. જૂનાગઢ બાજુ ભેજનું પ્રમાણ વધીને 88 ટકા સુધી પહોંચી ગયું છે, જે આગામી સમયમાં વાદળછાયા વાતાવરણના સંકેત આપે છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**ગુજરાતમાં તાપમાન 2 થી 5 ડિગ્રી ઉંચકાતા ઠંડીમાં રાહત. રાજકોટમાં 79% ભેજ સાથે ધાબડિયું વાતાવરણ, નલિયામાં ઠંડી યથાવત.**

# જન્મ-મરણના ડેટામાં આંધણ: રાજકોટ મનપાની સરકારને રજૂઆત

**દૈનિક પલ્સ સમાચાર:** "ડિજિટલ ક્રાંતિ" ના નામે સામાન્ય જનતાને કાગળિયા માટે રઝળાવવાનું પાપ તંત્ર કરી રહ્યું છે. રાજકોટ સહિત રાજ્યભરના કોર્પોરેશન વિસ્તારોમાં જન્મ-મરણના ડેટા ટ્રાન્સફરનો ગૂંચવાયેલો પ્રશ્ન હવે લોકોના જીવન-મરણનો પ્રશ્ન બની ગયો છે. 1950 થી સચવાયેલો ડેટા કેન્દ્રના નવા સીઆરએસ (CRS) પોર્ટલ પર અપલોડ થતો નથી, જેના કારણે યુઆઈડીએઆઈ (UIDAI) વિભાગે મનપાના જૂના પ્રમાણપત્રો સ્વીકારવાનું બંધ કરી દીધું છે. આ સ્થિતિને કારણે કેવી ગંભીર અસરો થઈ રહી છે તે જુઓ: સારવાર માટે આયુષ્માન કાર્ડની જરૂર હોય તેવા ગરીબ બાળકોના આધાર કાર્ડ બનતા નથી. ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓ, જેમના આધાર કાર્ડમાં ભૂલ છે, તેઓ જન્મ પ્રમાણપત્ર માન્ય ન હોવાથી સુધારો કરી શકતા નથી અને તેમનું વર્ષ બગડવાની ભીતિ છે. પરદેશ જનારા યુવાનો પાસપોર્ટ માટે અરજી કરી શકતા નથી. આ તમામ આફતો પાછળ માત્ર ટેકનિકલ આળસ જવાબદાર છે. રાજકોટ મનપાએ રાજ્યના આરોગ્ય કમિશનરને ઉગ્ર રજૂઆત કરી છે કે આઈટી ટીમ પાસે ડેટા એક્સેલ ફોર્મેટમાં તૈયાર હોવા છતાં તેને સીઆરએસ અથવા 'ઈ-ઓળખ' પોર્ટલ પર કેમ ચડાવવામાં આવતો નથી? અગાઉ વોર્ડ વાઇઝ કામગીરી થતી હતી, જે હવે પોર્ટલની ખામીઓને કારણે સ્થગિત છે. લાખો નાગરિકો એક જ કચેરીમાં લાઈનો લગાવી રહી છે. સીઆરએસ પોર્ટલની અનેક ક્ષતિઓ દૂર કરવા માટે ગુજરાતમાં જ એક ખાસ કચેરીની વ્યવસ્થા કરવા મનપાએ માંગ કરી છે. સવાલ એ થાય છે કે શું સરકાર આ ગંભીર સમસ્યાનો ઉકેલ લાવશે કે પછી લોકોએ પોતાના હક માટે કોર્ટના દરવાજા ખખડાવવા પડશે? તંત્રની આ લાપરવાહીએ હજારો પરિવારોની ઊંઘ હરામ કરી દીધી છે.


**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

**રાજકોટ સહિત રાજ્યભરની મહાનગરપાલિકાઓમાં જન્મ-મરણના ડેટાને લઈને આંધણ મચ્યું છે. કેન્દ્રના નવા સીઆરએસ પોર્ટલ પર વર્ષ 2020 પહેલાનો 70 વર્ષનો ડેટા અપલોડ ન થતા આધાર કાર્ડને સંલગ્ન તમામ કામગીરી અટકી પડી છે. યુઆઈડીએઆઈ વિભાગે મનપાના ઇનહાઉસ પ્રમાણપત્રો માન્ય રાખવાનો ઈન્કાર કરતા વિદ્યાર્થીઓ, દર્દીઓ અને વિદેશ જનારા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. વોર્ડ ઓફિસમાં કામગીરી બંધ હોવાથી સેન્ટ્રલ ઓફિસમાં લાંબી લાઈનો લાગે છે. સરકારી પોર્ટલની આ ક્ષતિઓ સામાન્ય જનતા માટે આશીર્વાદને બદલે શ્રાપ સાબિત થઈ રહી છે.**

## રાજકોટ: વાહનોમાં LED લાઈટ રાખનારા સાવધાન, RTOએ વસૂલ્યો મોટો દંડ

### રાજકોટ RTOની લાલ આંખ: LED લાઈટ બદલ 2 લાખનો દંડ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં માર્ગ સલામતી જાળવવા અને રાત્રિના સમયે થતા અકસ્માતો રોકવા માટે RTO વિભાગે કમર કસી છે. વાહનોમાં વધારાની એસેસરીઝ તરીકે લગાડવામાં આવતી સફેદ તીવ્ર LED લાઈટો સામે રાજકોટ જિલ્લા RTO અધિકારી ઇન્દ્રજીત ટાંક દ્વારા કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આજીડેમ નજીક અને માલિયાસણ પાસે પોલીસ અને RTOની સંયુક્ત ટીમે વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.
આ ડ્રાઈવ દરમિયાન એવું માલુમ પડ્યું હતું કે ઘણા વાહનચાલકો કંપની ફિટિંગ સિવાયની અતિશય પ્રબળ લાઈટોનો ઉપયોગ કરે છે, જેનાથી હાઈવે પર સામેથી આવતા ચાલકોને રસ્તો દેખાતો બંધ થઈ જાય છે. ગત તારીખ 24-01ના રોજ કરવામાં આવેલી આ કામગીરીમાં નિયમ વિરુદ્ધ લાઇટો ધરાવતા 35 વાહનો ઝડપાયા હતા, જેમના પાસેથી ₹2 લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે. RTO વિભાગે જાહેર જનતાને ચેતવણી આપી છે કે જો તમારા વાહનમાં આવી અનઅધિકૃત લાઈટો હોય તો તેને સ્વેચ્છાએ દૂર કરી દેવી, અન્યથા મોટા દંડ અને કાયદેસરની કાર્યવાહી માટે તૈયાર રહેવું. અકસ્માત મુક્ત રાજકોટ બનાવવા માટે તંત્રએ વાહનચાલકો પાસે સહકારની અપેક્ષા વ્યક્ત કરી છે અને જણાવ્યું છે કે આ સ્પેશિયલ ડ્રાઇવ હજુ વધુ તેજ બનાવવામાં આવશે. **સાજીદખાન પઠાણ**



**રાજકોટ જિલ્લા RTO અધિકારી ઇન્દ્રજીત ટાંકના માર્ગદર્શન હેઠળ શહેરના પ્રવેશદ્વારો પર અનઅધિકૃત LED લાઈટો બાબતે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. રાત્રિના સમયે તીવ્ર સફેદ લાઈટો અકસ્માતનું કારણ બનતી હોવાથી સરકારના આદેશ મુજબ આ ડ્રાઈવ યોજાઈ હતી. આજીડેમ અને માલિયાસણ ચોકડી પાસે કરવામાં આવેલી કાર્યવાહીમાં નિયમ વિરુદ્ધની લાઈટો ધરાવતા 35 વાહનો પકડાતા ₹2 લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો. RTO દ્વારા વાહનચાલકોને અપીલ કરવામાં આવી છે કે અકસ્માત નિવારવા આવી જોખમી લાઈટો તાત્કાલિક દૂર કરવી.**

## ઓઢવ: સોડા મશીનની આડમાં ચાલતું દારૂનું નેટવર્ક પકડાયું

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ઓઢવ પોલીસે દારૂની હેરાફેરીનું મોટું કૌભાંડ પકડી પાડ્યું છે. બુટલેગરો દ્વારા પોલીસની નજરથી બચવા માટે સોડા મશીનની બોટલોનો ઉપયોગ કરવામાં આવતો હોવાની બાતમી પોલીસને મળી હતી. ઓઢવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વિવેકકુમારને મળેલી ચોક્કસ વિગતને આધારે સોનીની ચાલ બ્રિજના છેડે વોચ ગોઠવવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસે સંતોષ લોકમાનસિંહ રાજપૂત (ઉ.વ. 25) ને અટકાવી તેની તલાશી લીધી હતી. તેની પાસેથી સોડા મશીનમાં વપરાતી 8 નંગ મોટી બોટલો મળી આવી હતી, જેમાં દારૂના ક્વાર્ટર અત્યંત ચતુરાઈથી સંતાડ્યા હતા. પોલીસે આ બોટલોમાંથી વિદેશી દારૂના કુલ 480 નંગ ક્વાર્ટર જપ્ત કર્યા છે, જેની બજાર કિંમત ₹96,480 થાય છે. દારૂ ઉપરાંત ₹15,000 નો મોબાઈલ અને ₹8,000 ની કિંમતના કન્ટેનર મળી કુલ ₹1,24,480 નો મુદ્દામાલ કબજે કરાયો છે. પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન. ઝાંઝુવાડિયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ ડી.આઈ. પટેલ અને તેમની ટીમ જેમાં હિતેશભાઈ, અનુભવસિંહ અને ભોલુભા જોડાયા હતા, તેમણે આ સફળ ઓપરેશન પાર પાડ્યું છે. હાલ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરી તેના અન્ય સાગરીતોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.




## બોટાદમાં આતંક: ગરીબ પરિવાર પર જીવલેણ હુમલો, મહિલાની છેડતી

**દૈનિક પલ્સ સમાચાર:** બોટાદમાં ગુંડારાજ જેવી સ્થિતિ સર્જાઈ છે, જ્યાં ગરીબ પરિવારો પર ધોળા દિવસે હુમલા થઈ રહ્યા છે. લાતીબજારમાં ભુંગળાના કારખાના પાસે નજીવી વાતમાં થયેલી તકરારમાં નારણભાઈ મગનભાઈ જાંબુકિયાના આખા પરિવારને નિશાન બનાવવામાં આવ્યો છે. હુમલાખોરોએ ક્રૂરતાની તમામ હદો વટાવીને લાકડી અને લોખંડના પાઇપ વડે પરિવારના સભ્યોને લોહીલુહાણ કરી દીધા હતા.
આ ઘટનામાં સૌથી શરમજનક બાબત એ છે કે હુમલાખોરોએ પરિવારની મહિલા સભ્ય કિરણબેન સાથે અસભ્ય વર્તન કરી, તેમના કપડાં ફાડી નાખી તેમની લાજ લૂંટવાનો નીચ પ્રયાસ કર્યો હતો. નારણભાઈ, કિરણબેન અને અરવિંદભાઈ પર થયેલા આ હુમલાને પગલે સમગ્ર વિસ્તારમાં ફફડાટ ફેલાયો છે. ઇજાગ્રસ્તોને પ્રથમ બોટાદની સોનાવાલા સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ હાલત વધુ લથડતા ચાર દર્દીઓને તાત્કાલિક ભાવનગરની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે.
હુમલાખોરો તરીકે ભીખાભાઈ ગોરધનભાઈ હડીયલ, ચિરાગ હડીયલ અને વિપુલભાઈ ગોરધનભાઈના નામ સામે આવ્યા છે. આ શખ્સો સામે બોટાદ પોલીસ સ્ટેશનમાં અગાઉ પણ અનેક ફરિયાદો નોંધાઈ હોવા છતાં તેમનામાં કાયદાનો કોઈ ડર જોવા મળતો નથી. પીડિત નારણભાઈએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, "અમે ગરીબ માણસો છીએ, આ લોકો અમને અવારનવાર હેરાન કરે છે અને જાનથી મારી નાખવાની ધમકી આપે છે." સવાલ એ થાય છે કે શું બોટાદ પોલીસ માત્ર કાગળ પરની કાર્યવાહી કરીને સંતોષ માનશે? વારંવાર ગુના આચરતા આવા તત્વો સામે કેમ પાસા કે તડીપાર જેવી કડક કાર્યવાહી કરવામાં આવતી નથી? જો ગરીબ જનતા પોતાની સુરક્ષા માટે પોલીસ પાસે કરગરતી રહેતી હોય, તો ખાખીનો રૂઆબ ક્યાં ગયો? જનતા હવે આ મામલે કડકમાં કડક સજાની માંગ કરી રહી છે.
**રિપોર્ટ : મનસુખ વાળા**



## દ્વારકામાં પબુભા માણેક દ્વારા વિશ્વ કલ્યાણ અર્થે મહાયજ્ઞ

**દૈનિક પલ્સ સમાચાર:** દ્વારકાની પવિત્ર ધરા પર ફરી એકવાર ભક્તિનો સાગર છલકાયો છે. ધારાસભ્ય શ્રી પબુભા માણેક દ્વારા નાગેશ્વર રોડ ખાતે સ્વ. વિરમભા આશાભા માણેકની પુણ્યસ્મૃતિમાં અને તેમની પ્રેરણાથી વિશ્વ શાંતિ અને કલ્યાણ અર્થે ત્રિવેણી સંગમ સમાન ધાર્મિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.
આ મહોત્સવમાં ભવ્ય દેવી ભાગવત કથાની સાથે શ્રીમહાચંડી યજ્ઞ અને ૧૦૦૮ મહારુદ્ર અભિષેકનું વિધિવત આયોજન કરાયું છે. કાર્યક્રમ દરમિયાન પૂજ્ય નેપાળી બાબાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી, જેમની પાસે આશીર્વાદ મેળવી પબુભા માણેક સહિતના મહાનુભાવો અને શ્રદ્ધાળુઓએ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. રાજકીય ક્ષેત્રે સક્રિય હોવા છતાં પબુભા માણેકની ધર્મ પ્રત્યેની અતૂટ આસ્થા આ આયોજનમાં સ્પષ્ટ દેખાય છે. સમગ્ર દ્વારકા પંથકના લોકો આ આયોજનમાં સહભાગી થઈ આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરી રહ્યા છે. આ પ્રકારના મોટા પાયે થતા ધાર્મિક આયોજનો સમાજમાં એકતા અને સંસ્કારનું સિંચન કરે છે.
**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**






## ઈડર ગઢની તળેટીમાં ખનન માફિયાઓ દ્વારા પર્યાવરણનું અવિરત નિકંદન

**દૈનિક પલ્સ સમાચાર:** ગાંધીના ગુજરાતમાં ખાણ ખનીજ વિભાગની ઘોર બેદરકારીને કારણે ખનન માફિયાઓનો આતંક સીમા વટાવી રહ્યો છે. સાબરકાંઠાના ઇડર શહેરમાં આવેલ ઐતિહાસિક ગઢ અત્યારે ભૂમાફિયાઓ અને રેત ચોરોનું સરનામું બની ગયું છે. ગંભીરપુરા અને લીંભોઈ રોડ સહિત ગઢની આસપાસની તળેટીમાં કાયદાના લીરેલીરા ઉડાડવામાં આવી રહ્યા છે. આશ્ચર્યજનક રીતે, બપોરના સમયે જ્યારે લોકોની અવરજવર હોય છે ત્યારે લીલાછમ વૃક્ષોનું કપાત કરવામાં આવે છે, છતાં વન વિભાગ કુંભકર્ણ નિદ્રામાં પોઢેલું છે.
રાત્રિના સમયે ઇડર ગઢની પાછળના ભાગેથી મોટા પાયે રેતીની ચોરી કરવામાં આવે છે. આ ગેરકાયદે ખનનથી સરકારની તિજોરીને કરોડો રૂપિયાનો ચૂનો લાગી રહ્યો છે, પરંતુ ખાણ ખનીજ વિભાગના અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી. સ્થાનિક રહીશોમાં એવી ચર્ચા જોર પકડી રહી છે કે ખનન માફિયાઓ અને જવાબદાર અધિકારીઓ વચ્ચે 'હપ્તા સેટિંગ' હોવાથી જ આ લૂંટ બેરોકટોક ચાલી રહી છે. શું આ વિભાગના અધિકારીઓને ખરેખર ખબર નથી કે પછી જાણીજોઈને અંધારામાં રહેવાનો ઢોંગ કરી રહ્યા છે?
વન વિભાગ જે એક તરફ 'વૃક્ષારોપણ' ના નામે લાખોનો ખર્ચ કરે છે, તે જ વિભાગની નજર સામે વર્ષો જૂના વૃક્ષો કપાઈ રહ્યા છે. આ શરમજનક સ્થિતિ પર્યાવરણ માટે મોટો ખતરો છે. જનતા સવાલ પૂછી રહી છે કે સરકારી મિલકતની આ લૂંટ ક્યાં સુધી ચાલશે? માફિયાઓ બેફામ છે અને અધિકારીઓ લાપરવાહ, જેના પરિણામે માત્ર સરકાર અને પર્યાવરણને જ નુકસાન વેઠવું પડી રહ્યું છે. જો તાત્કાલિક ધોરણે આ ખનન ચોરો અને તેમને છાવરતા ભ્રષ્ટ અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં નહીં આવે, તો ઇડરનો આ ભવ્ય ગઢ માત્ર ઇતિહાસના પાનામાં જ રહી જશે. સત્તાધીશો આ ગંભીર મુદ્દે ક્યારે જાગશે?
**રિપોર્ટ : જનક જાદવ**

**ઇડરના ઐતિહાસિક ગઢ પર ખનન માફિયાઓનું કાળું સામ્રાજ્ય! ખાણ ખનીજ અને વન વિભાગની રહેમનજર હેઠળ ધોળા દિવસે લીલા વૃક્ષોનું છેદન અને રાત્રે રેતીની ચોરી થઈ રહી છે. તંત્રની મૌન સહમતી સરકારની તિજોરીને કરોડોનો ચૂનો લગાવી રહી છે.**

## સાબરકાંઠામાં મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજનાનો શુભારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં માળખાગત સુવિધાઓને નવી ઊંચાઈ પર લઈ જવા માટે સરકાર દ્વારા 'મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના'નો શુભારંભ કરવામાં આવ્યો છે. સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર ખાતે આ યોજનાનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. જેમાં સાબરકાંઠા-અરવલ્લીના સાંસદ શોભનાબેન બારૈયા, હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલા, જિલ્લા પંચાયત પ્રમુખ ભારતીબેન પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી. આણંદ જિલ્લાના ભાદરણ ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ યોજનાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.
આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ માળખાને સુદ્રઢ બનાવી છેવાડાના ગામડાઓ સુધી સરકારી યોજનાઓના લાભ પહોંચાડવાનો છે. પંચાયતોને વિશેષ ગ્રાન્ટ ફાળવીને સ્થાનિક સ્તરે પ્રાથમિક સુવિધાઓ જેવી કે સીસી રોડ, પેવર બ્લોક, પાણીની વ્યવસ્થા અને જાહેર શૌચાલયોનું નિર્માણ કરવામાં આવશે. સાંસદ શોભનાબેન બારૈયાએ જણાવ્યું હતું કે, સરકાર ગામડાઓના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે અને આ યોજના તે દિશામાં એક મજબૂત પગલું સાબિત થશે. જિલ્લા પંચાયત અને વહીવટી તંત્ર દ્વારા યોજનાના અમલીકરણ માટે જરૂરી આયોજન હાથ ધરવામાં આવ્યું છે, જેથી ગ્રામીણ જનતાને સીધો લાભ મળી શકે. **રિપોર્ટ : જનક જાદવ**



## ઈડર: આઈકોનિક એરિયામાં દબાણોથી ટ્રાફિક સમસ્યા, વાહનચાલકો પરેશાન

**દૈનિક પલ્સ સમાચાર:** ઇડર શહેરના મુખ્ય માર્ગો પર દબાણ અને ટ્રાફિકની સમસ્યાએ માઝા મૂકી છે, જેના કારણે વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા છે. બસ સ્ટેન્ડથી એપોલો ત્રણ રસ્તા અને મોટા અંબાજી તરફ જતો નેશનલ હાઇવે અત્યારે લારીધારકોના કબજામાં હોય તેમ જણાય છે. મામલતદાર કચેરીની બિલકુલ સામે જ જાહેર માર્ગ પર શાકભાજી અને ફળની લારીઓ ઊભી રહેતા હોવાથી અકસ્માત થવાની શક્યતા વધી ગઈ છે. વાહનચાલકોનો આક્ષેપ છે કે આ લારીધારકો રસ્તા પર કાયમી હક્ક જમાવીને વેપાર કરે છે અને તેનાથી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે.
આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈ ઇડર નગરપાલિકાના વહીવટદાર અને મામલતદાર પૂજા જોષી તેમજ ચીફ ઓફિસર જેમીન ચૌધરી દ્વારા દબાણ હટાવવા માટે ખાસ કમિટી બનાવી કામગીરી શરૂ કરવામાં આવી હતી. હેડ ક્લાર્ક દિગ્વિજય સિંહ સહિતનો સ્ટાફ જ્યારે આ નડતરરૂપ લારીઓ હટાવવા નીકળ્યો, ત્યારે કેટલાક અસામાજિક તત્વોએ કામગીરીમાં અવરોધ ઊભો કર્યો હતો. સપોર્ટને બદલે વિરોધ થતા ચીફ ઓફિસરને કામગીરી પડતી મૂકવી પડી હતી, જેના કારણે પરિણામ શૂન્ય આવ્યું છે. શહેરના જાગૃત નાગરિકો હવે ગાંધીનગર નગરપાલિકાના મોડેલને અનુસરવા માંગ કરી રહ્યા છે. ગાંધીનગરમાં જો કોઈ લારી ટ્રાફિકમાં નડતરરૂપ બને તો તેના પર દૈનિક 5000 રૂપિયા સુધીનો તોતિંગ દંડ લાદવામાં આવે છે, જેના કારણે વેપારીઓ લારીને બદલે દુકાનો ભાડે રાખવા પ્રેરાય છે અને રસ્તાઓ ટ્રાફિક મુક્ત રહે છે. ઇડરમાં પણ જો આવી દંડની કડક નીતિ અપનાવવામાં આવે અને તે રકમનો ઉપયોગ શહેરના વિકાસકામોમાં કરવામાં આવે તો ઇડરની કાયાપલટ થઈ શકે છે. પાલિકા તંત્રએ અપીલ કરી છે કે શહેરીજનો આ ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે સહકાર આપે, જેથી કોઈ નિર્દોષ વાહનચાલકનો ભોગ ન લેવાય. હવે જોવાનું એ રહે છે કે ઇડર પાલિકા ભવિષ્યમાં આ બાબતે કેટલા કડક પગલાં ભરે છે.
**રિપોર્ટ : જનક જાદવ**



"સમાચાર તથા જાહેરાત આપવા માટે સંપર્ક કરો: ૯૯૦૯૯૧૧૧૭૫"

# રાજકોટ: 45 હજારની લાંચ લેતા ઈન્કમટેક્ષ ઓફિસના ત્રણ ઝડપાયા

## રાજકોટ ACBની મોટી કાર્યવાહી: લાંચિયા અધિકારીઓ ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં લાંચ રુશ્વત વિરોધી બ્યુરોએ ભ્રષ્ટ અધિકારીઓ પર લાલ આંખ કરી છે. ઇન્કમટેક્ષ ઓફિસ પાસે આવેલા ઝોનલ એકાઉન્ટ ઓફિસના આસીસ્ટન્ટ એકાઉન્ટ ઓફિસર (વર્ગ-૨) રવિકુમાર જાંગીડ અને તેમના સહયોગીઓ 45 હજારની લાંચ લેતા પકડાયા છે. આ સમગ્ર કાંડની વિગત એવી છે કે ફરિયાદીનું 4 લાખ રૂપિયાનું એરિયસ બિલ મંજૂર કરવાના બદલામાં રવિકુમારે 80 હજારની માંગણી કરી હતી. અંતે 50 હજારમાં સોદો નક્કી થયો હતો, જેમાંથી 5 હજાર એડવાન્સમાં લઈ લેવામાં આવ્યા હતા. બાકીની રકમ સ્વીકારવામાં રવિકુમારે ખૂબ જ ચતુરાઈ વાપરી હતી. તેમણે નાણાં લેવા માટે ભુજમાં રહેતા નિવૃત્ત ઇન્કમટેક્ષ ઇન્સ્પેક્ટર શૈલેષ ચોહાણનો સંપર્ક કર્યો અને શૈલેષે રાજકોટમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા અક્ષય વાગડીયાને નાણાં લેવા મોકલ્યો હતો. જોકે, ફરિયાદીએ જાગૃતિ દાખવી ACBમાં ફરિયાદ કરતા પી.આઈ. આર.આર. સોલંકી અને તેમની ટીમે ગીરનાર ટોકીઝ સામે 'બજરંગ ઇમીટેશન' પાસે છટકું ગોઠવ્યું હતું. જેવું જ પટાવાળા અક્ષયે 45 હજાર રૂપિયા સ્વીકાર્યા કે તુરંત ACBએ તેને પકડી લીધો હતો. આ કાર્યવાહીમાં મુખ્ય સૂત્રધાર આસીસ્ટન્ટ એકાઉન્ટ ઓફિસર, વચેટિયો બનેલા નિવૃત્ત ઇન્સ્પેક્ટર અને નાણાં સ્વીકારનાર પટાવાળા એમ ત્રણેયની સંડોવણી ખુલતા રાજકોટમાં ખળભળાટ મચી ગયો છે.
**રિપોર્ટ : ભાવેશ રાઠોડ**



**રાજકોટમાં એરિયસ બિલ મંજૂર કરવાના બદલામાં 45 હજારની લાંચ લેતા આસીસ્ટન્ટ એકાઉન્ટ ઓફિસર રવિકુમાર જાંગીડ સહિત ત્રણ શખ્સોને ACBએ ઝડપી પાડ્યા છે. ગીરનાર ટોકીઝ પાસે ગોઠવાયેલા છટકામાં પટાવાળા અને નિવૃત્ત ઇન્સ્પેક્ટરની મધ્યસ્થી પણ ખુલી પડી છે.**

# પ્રોફેસર એકેડેમી કેશોદ દ્વારા "ઉમંગ" કાર્યક્રમ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** કેશોદની પ્રોફેસર એકેડેમી સ્કૂલ દ્વારા શરદ ચોક સ્થિત ઔદિત્ય બ્રહ્મ સમાજની વાડીમાં "ઉમંગ" નામનો વાર્ષિક સાંસ્કૃતિક મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં રહેલી છુપાયેલી પ્રતિભાને મંચ આપવાનો અને તેમનો આત્મવિશ્વાસ વધારવાનો હતો. કાર્યક્રમની શરૂઆત ધારાસભ્ય દેવાભાઈ માલમ, મેહુલ ગોંડલીયા અને હિરેન ભોરણીયા સહિતના રાજકીય અગ્રણીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. શાળાના સંચાલકો દેવાંગ ઠુંબર, પાઘડાર સાહેબ અને ભરતભાઈ સોજીત્રાએ મહેમાનોનું પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન આપીને સ્વાગત કર્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં કે.જી. થી લઈને ધોરણ 12 ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને નૃત્ય, સંગીત તથા અભિનય દ્વારા પ્રેક્ષકોના મન મોહી લીધા હતા. વાલીઓએ પણ મોટી સંખ્યામાં હાજર રહીને બાળકોના પ્રોત્સાહન વધાર્યું હતું. અંતમાં, શાળા પરિવાર દ્વારા પધારેલા તમામ મહેમાનો, વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે ભોજનની સુવ્યવસ્થિત વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી.
**રિપોર્ટ : હર્ષ ભરડા**



# ધોળકા ઈ-ધરા કેન્દ્રમાં અંધેર વહીવટ: અધિકારીઓની ગેરહાજરીથી જનતા પરેશાન

**દૈનિક પલ્સ સમાચાર:** "સરકાર જનતાના દ્વારે" જેવા સૂત્રો ધોળકા સેવા સદનની બહાર જ દમ તોડતા દેખાય છે. ધોળકા તાલુકાના ઈ-ધરા કેન્દ્રમાં ફરજ બજાવતા ન્યાય મામલતદારની બેજવાબદાર કામગીરીએ જનતાને ત્રાહિમામ પોકારાવી દીધી છે. નિર્ધારિત સમય કરતાં મોડા આવવું અથવા સીટ પર ગેરહાજર રહેવું એ જાણે અહીંના અધિકારીઓનો અઘોષિત નિયમ બની ગયો છે. સવારના વહેલા સમયથી દૂર-દૂરના ગામડાઓમાંથી ભાડું ખર્ચીને આવતા ગરીબ નાગરિકો કલાકો સુધી કેન્દ્રની બહાર રાહ જોતા બેસી રહે છે. ખેડૂતો માટે જમીન સંબંધિત કામો અત્યંત મહત્વના હોય છે, પરંતુ અહીંના ન્યાય મામલતદારને જનતાની મુશ્કેલીઓ સાથે કોઈ લેવાદેવા હોય તેમ લાગતું નથી. અધિકારીની અનિયમિતતાના કારણે ફાઈલોનો ભરાવો થઈ રહ્યો છે અને સામાન્ય માણસ એક નાના કામ માટે દિવસો સુધી ધક્કા ખાવા મજબૂર બન્યો છે.
સવાલ એ થાય છે કે શિસ્ત અને નિયમોની વાતો કરતું વહીવટી તંત્ર પોતાના જ કર્મચારીઓ પર લગામ કેમ નથી લગાવી શકતું? શું ન્યાય મામલતદારને કોઈ ઉચ્ચ વગ ધરાવતા નેતાનું પીઠબળ છે, જેના કારણે તેઓ જનતાની પરવા કર્યા વગર પોતાની મરજી મુજબ કામ કરે છે? નાગરિકોનો આક્ષેપ છે કે અધિકારીની આ ગેરહાજરી પાછળ વહીવટી આળસ જવાબદાર છે. લોકો હવે માંગ કરી રહ્યા છે કે કલેક્ટર કક્ષાએથી આ મામલે કડક તપાસ થાય અને બાયોમેટ્રિક હાજરી તેમજ સીસીટીવી ફૂટેજ દ્વારા અધિકારીઓના સમયની ચકાસણી કરવામાં આવે. જો જનતાને સમયસર સેવા ન મળતી હોય, તો આવા સેવા સદનો માત્ર ઈંટોના માળખા જ બનીને રહી જશે. સત્તાધીશો આ કુંભકર્ણ નિદ્રામાંથી ક્યારે જાગશે અને જનતાને ક્યારે ન્યાય મળશે? **રિપોર્ટ : ભાવેશ રાઠોડ**

**ધોળકા સેવા સદનમાં અધિકારીઓની બેદરકારી ચરમસીમાએ! ઈ-ધરા કેન્દ્રમાં ન્યાય મામલતદાર સમયસર હાજર ન રહેતા દૂર-દૂરથી આવતા ગ્રામજનોને ધક્કા ખાવા પડી રહ્યા છે. સરકારની મહત્વપૂર્ણ સેવા અધિકારીઓના મનસ્વી વર્તનને કારણે ખોરંભે પડી છે.**

# ભાભરમાં છ મહિનાથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** પોલીસના પેટ્રોલિંગ અને સુરક્ષાના દાવાઓ વચ્ચે પણ ગુનેગારો મહિનાઓ સુધી કાયદાથી બચીને કેમ ફરી શકે છે? ભાભર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વર્ષ ૨૦૨૫ ના રાયોટીંગના ગુનામાં છ મહિનાથી નાસતો ફરતો આરોપી જયંતીભાઈ ઠાકોર આનું જીવતું જાગતું ઉદાહરણ છે. વાવ-થરાદ જિલ્લા પેરોલ ફર્લો સ્કોડે અંતે આ ભોપાળું ડામી દઈ આરોપીને ચેમ્બુઆ ગામથી દબોચી લીધો છે. આરોપી સામે હુમલો અને હિંસાની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ હતો, છતાં તે પોલીસની નજરમાં આવ્યા વગર હરે-ફરે તે તંત્રની નિષ્ફળતા છે. ઉચ્ચ અધિકારીઓના આદેશ બાદ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ગુનાનો આ ભગૌડો પોતાના ઘરે જ છે. સ્કોડે તેને કોર્ડન કરીને ઝડપી લીધો હતો. જોકે, પ્રશ્ન એ ઉભો થાય છે કે શું હવે પોલીસ તપાસમાં તેના અન્ય મદદગારોના નામ ખુલશે? કે પછી નોટીસ આપીને મામલો ઠંડો પાડી દેવામાં આવશે? સામાન્ય જનતામાં પોલીસનો ડર ત્યારે જ બેસે જ્યારે આવા નાસતા ફરતા આરોપીઓને તાત્કાલિક જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે. હાલ તો આ આરોપીને ભાભર પોલીસને સોંપી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.
**રીપોર્ટ : વશાભાઈ વાલડીયા**



# હલધરવાસમાં નવી પંચાયતનું ખાતમુહૂર્ત: ગામમાં ખુશી

**દૈનિક પલ્સ સમાચાર:** મહેમદાવાદ તાલુકાના હલધરવાસ ગામે આજે હર્ષોલ્લાસ સાથે નવીન ગ્રામ પંચાયત મકાનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગ્રામીણ કક્ષાએ વહીવટી પ્રક્રિયાને વધુ આધુનિક અને સરળ બનાવવાના હેતુથી આ નવા ભવનનું નિર્માણ હાથ ધરવામાં આવ્યું છે. હલધરવાસ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી દક્ષાબેનના હસ્તે ખાતમુહૂર્તની વિધિ કરવામાં આવી હતી.
આ પ્રસંગે આયોજિત ટૂંકા કાર્યક્રમમાં ગામના પ્રતિષ્ઠિત અગ્રણીઓ, પંચાયત કમિટીના સભ્યો અને ગ્રામજનોએ હાજર રહી વિકાસના આ કાર્યને બિરદાવ્યું હતું. સરપંચશ્રીએ જણાવ્યું હતું કે, નવું પંચાયત ભવન ગામના વિકાસનું કેન્દ્ર બનશે, જ્યાંથી ગ્રામજનોને તમામ સરકારી સેવાઓ એક જ સ્થળેથી અને સુવિધાજનક રીતે મળી શકશે.
ખાતમુહૂર્ત બાદ ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો, કારણ કે આધુનિક પંચાયત ઘરની સુવિધા મળવાથી ગામની વિકાસલક્ષી પ્રવૃત્તિઓને નવો વેગ મળશે. પંચાયત સભ્યો અને આગેવાનોએ આ પ્રોજેક્ટને વહેલી તકે પૂર્ણ કરવા માટેના સંકલ્પ સાથે એકબીજાને શુભકામનાઓ પાઠવી હતી. હલધરવાસમાં નિર્માણ થનારું આ નવું ભવન ગ્રામીણ સ્તરે લોકશાહીના મજબૂત એકમ તરીકે ઉભરી આવશે. **રિપોર્ટ : ખાંટ મનુભાઈ**



**મહેમદાવાદના હલધરવાસમાં સરપંચ દક્ષાબેનના હસ્તે નવીન ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત. ગામના અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત.**

# ભાભર પોલીસ નિષ્ફળ: ગેનીબેનની દારૂના અડ્ડાઓ સામે લાલ આંખ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં દારૂબંધીનો કાયદો હોવા છતાં ભાભરમાં દારૂની નદીઓ વહી રહી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરે આજે ભાભર પોલીસ સ્ટેશનમાં ઉગ્ર રજૂઆત કરીને પોલીસની નિષ્ક્રિયતાને ઉઘાડી પાડી છે. અબાસણા, ભીમબોરડી અને આસપાસના ગામોના રહીશો બુટલેગરોના ત્રાસથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે, પરંતુ હપ્તાખોરીમાં મસ્ત તંત્રના કાન પર જૂ પણ સરકતી નથી.
સાંસદ ગેનીબેને પોલીસ અધિકારીઓને આડે હાથ લેતા જણાવ્યું કે, જ્યારે ગ્રામજનો વ્યસનમુક્તિ માટે મથી રહ્યા છે ત્યારે પોલીસની છત્રછાયા હેઠળ બહારથી દારૂનો સપ્લાય કેવી રીતે પહોંચે છે? તેમણે ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં આ અડ્ડાઓ કાયમી ધોરણે બંધ નહીં કરવામાં આવે તો જનતા પોતે કાયદો હાથમાં લઈને 'જનતા રેડ' કરશે. આ રજૂઆત દરમિયાન સાંસદે જિલ્લા પોલીસ વડા (SP) સાથે ટેલિફોનિક વાતચીત કરી જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે સસ્પેન્શનની કાર્યવાહીની માંગ કરી છે. સવાલ એ થાય છે કે શું પોલીસ ખરેખર અંધારી આલમથી અજાણ છે કે પછી જાણીજોઈને આંખ આડા કાન કરી રહી છે? દારૂ અને અન્ય નશીલા પદાર્થોના વેચાણને કારણે યુવા પેઢી બરબાદ થઈ રહી છે ત્યારે ભાભર પોલીસ માત્ર આશ્વાસનોની લ્હાણી કરી રહી છે. ગેનીબેન ઠાકોર અને સ્થાનિક આગેવાનોએ સ્પષ્ટ કર્યું છે કે હવે માત્ર કાગળ પરની કાર્યવાહી ચાલશે નહીં. જો પોલીસ બુટલેગરો સામે લાલ આંખ કરવામાં નિષ્ફળ જશે, તો જનતા રસ્તા પર ઉતરીને તંત્રને તેની ફરજ યાદ અપાવશે. દારૂબંધીના નામે ચાલતો આ ભ્રષ્ટાચારનો ખેલ ક્યારે બંધ થશે તે જોવું રહ્યું.



**ભાભરમાં દારૂબંધીનો ફિયાકો! સાંસદ ગેનીબેન ઠાકોરે પોલીસ સ્ટેશન ગજવ્યું. અબાસણા અને ભીમબોરડીમાં ધમધમતા દારૂના અડ્ડાઓ સામે કાર્યવાહી નહીં થાય તો જનતા રેડની ચીમકી આપી. પોલીસની મિલીભગત સામે ઉઠ્યા ગંભીર સવાલો. રીપોર્ટ વશાભાઈ વાલડીયા**

# RSS શતાબ્દી વર્ષ: સુરેન્દ્રનગરમાં ગુંજશે હિન્દુત્વનો નાદ

**દૈનિક પલ્સ સમાચાર**: ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મના રક્ષણ માટે કાર્યરત RSSના શતાબ્દી વર્ષ નિમિત્તે સુરેન્દ્રનગર ખાતે વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન હાથ ધરાયું છે. છેલ્લા સો વર્ષથી સંઘે નિઃસ્વાર્થ ભાવે જે સમાજ પરિવર્તનની જ્યોત પ્રગટાવી છે, તેને ગૌરવ સાથે બિરદાવવા સમગ્ર હિન્દુ સમાજ સંગઠિત થયો છે. આ સંમેલનના સુચારૂ આયોજન માટે ૪૦૦થી વધુ સજ્જનોની એક સમિતિ રચાઈ છે.
આ સંમેલનમાં મુખ્યત્વે સામાજિક સમરસતા, નાગરિક કર્તવ્ય, અને પર્યાવરણ જાગૃતિ જેવા રાષ્ટ્રહિતના વિષયો પર ગહન ચિંતન કરવામાં આવશે. મહત્વની વાત એ છે કે આ કાર્યક્રમમાં વઢવાણ સ્વામિનારાયણ મંદિરના આચાર્ય માધવેન્દ્રપ્રસાદજી, બી.એ.પી.એસ.ના ધર્મચિંતનદાસજી સ્વામી, દૂધરેજ વડવાળા મંદિરના મુકુંદદાસજી બાપુ સહિત અનેક સંતો-મહંતોના આશીર્વાદ પ્રાપ્ત થયા છે. ઈસ્કોન મંદિર ગ્રુપ અને લોકસાહિત્યકાર અનુભા ગઢવી જેવી વિભૂતિઓ પણ આ અભિયાનમાં જોડાયા છે. આ સંમેલન સુરેન્દ્રનગરના આંગણે હિન્દુત્વ અને રાષ્ટ્રવાદી વિચારધારાને નવી ઊંચાઈ પર લઈ જશે.
**રિપોર્ટ : ડી.જી.જાડેજા**



# જન્મદિનની અનોખી ઉજવણી: જરૂરિયાતમંદોને કરાવાયો અલ્પાહાર

**દૈનિક પલ્સ સમાચાર:** વર્તમાન સમયમાં જ્યારે લોકો પોતાના જન્મદિવસની ઉજવણી પાછળ હજારો રૂપિયાનો વ્યય કરતા હોય છે, ત્યારે જગુદન ગામના એક યુવાને સમાજ માટે નવો રાહ ચીંધ્યો છે. જગુદન નિવાસી શ્રી અલ્પેશભાઈ વિઠ્ઠલભાઈ પ્રજાપતિના જન્મદિવસ નિમિત્તે 'સેવા પરમો ધર્મ' સંસ્થા દ્વારા જરૂરિયાતમંદો માટે ભોજન સેવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.
આ ઉજવણીના ભાગરૂપે અલ્પેશભાઈએ કોઈ હોટલ કે ક્લબમાં જવાને બદલે રસ્તા પર બેસીને પરસેવો પાડી ગુજરાન ચલાવતા શ્રમિકોની વહારે જવાનું પસંદ કર્યું હતું. સંસ્થાના માધ્યમથી 300 નંગ સ્વાદિષ્ટ વડાપાવનું આયોજન કરી, શહેરના મુખ્ય રસ્તાઓ પર બેસતા શાકભાજીવાળા ભાઈ-બહેનો, પાથરણાવાળાઓ અને ગરીબ ઝૂંપડપટ્ટી વિસ્તારના બાળકોને આ અલ્પાહાર પીરસવામાં આવ્યો હતો. આ સમગ્ર સેવા પ્રવૃત્તિમાં ખુદ જન્મદિવસ ધરાવતા અલ્પેશભાઈ પ્રજાપતિએ દરેક વ્યક્તિ પાસે રૂબરૂ જઈને નાસ્તો કરાવીને વિવેકપૂર્ણ આચરણ કર્યું હતું.
આ પ્રસંગે 'સેવા પરમો ધર્મ' સંસ્થાના પ્રમુખ અને જાણીતા સામાજિક કાર્યકર શ્રી પટેલ જીતુભાઈ વાલાએ હાજર રહીને યુવાનોને સેવાની આ સરવાણીમાં જોડાવા આહવાન કર્યું હતું. તેમની સાથે સંસ્થાના ખજાનચી અમૃતભાઈ પ્રજાપતિ તેમજ કનુભાઈ પ્રજાપતિએ પણ ખભેખભા મિલાવીને વિતરણ વ્યવસ્થા સંભાળી હતી.
જીતુભાઈ વાલાએ જણાવ્યું કે, જન્મદિવસ એટલે માત્ર ઉંમરમાં વધારો નહીં પણ આશીર્વાદ અને પુણ્યના ભાથામાં વધારો કરવાનો અવસર છે. અલ્પેશભાઈએ આ દિવસને જે રીતે જરૂરિયાતમંદો સાથે ઉજવ્યો છે તે ખરેખર બિરદાવવા લાયક છે. આ તકે ઉપસ્થિત તમામ અગ્રણીઓએ અલ્પેશભાઈને દીર્ઘાયુ અને સુખમય જીવનની શુભકામનાઓ પાઠવી હતી. નાના વેપારીઓ અને પાથરણાવાળાઓએ પણ આ અલ્પાહાર બદલ યુવાદાતાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રેરક સેવા કાર્યને કારણે જગુદન ગામનું ગૌરવ વધ્યું છે.




**જગુદનના અલ્પેશભાઈ પ્રજાપતિના જન્મદિવસ નિમિત્તે સેવા પરમો ધર્મ સંસ્થા દ્વારા 300 વડાપાવનું જરૂરિયાતમંદોમાં વિતરણ કરાયું.**

# અંબાજીમાં ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો પ્રારંભ, ગબ્બર તળેટી ભક્તિમય બની

## અંબાજીમાં ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો પ્રારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** આદ્યશક્તિના ધામ અંબાજી ખાતે ભક્તિ અને આસ્થાના મિલન સમા '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬'નો રંગેચંગે પ્રારંભ થયો છે. ગુજરાત સરકાર અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ મહોત્સવમાં રાજ્યમંત્રી પ્રવીણભાઈ માળીએ વિશેષ હાજરી આપી હતી. મંત્રીશ્રીએ માતાજીના પૂજન-અર્ચન બાદ ભવ્ય પાલખી યાત્રા અને જ્યોત યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

પોતાના સંબોધનમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે શ્રદ્ધા એ ભારતીય સંસ્કૃતિનો અણમોલ વારસો છે, જે જીવનના પડકારો સામે લડવાની શક્તિ આપે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સેવેલા ૫૧ શક્તિપીઠ પરિક્રમા પથના સ્વપ્નને આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નવું બળ મળ્યું છે. યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવ રમેશ મિર્જાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આગામી સમયમાં આ મહોત્સવ ભાદરવી પૂનમના મેળા જેવું જ ભવ્ય સ્વરૂપ ધારણ કરશે. જિલ્લા કલેક્ટર મિહિર પટેલે અંબાજી ધામની પવિત્રતા અને સુરક્ષા વ્યવસ્થા અંગે વિગતો આપી હતી. આ મહોત્સવમાં મોટી સંખ્યામાં સાધુ-સંતો, પદાધિકારીઓ અને દેશ-વિદેશના શ્રદ્ધાળુઓ ઉમટ્યા છે. ત્રિશુલિયા ઘાટ ખાતે સ્થાપિત થનાર ત્રિશૂલના ધાર્મિક મહત્વને પણ આ પ્રસંગે બિરદાવવામાં આવ્યું હતું. આગામી બે દિવસ સુધી અહીં ભક્તિ અને સાંસ્કૃતિક કાર્યક્રમોની સરવાણી વહેશે, જે શ્રદ્ધાળુઓને આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરાવશે.

**રિપોર્ટ : વિશાલ ચૌહાણ**



**આદ્યશક્તિ ધામ અંબાજી ખાતે ત્રણ દિવસીય '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬'નો રાજ્યમંત્રી પ્રવીણભાઈ માળીની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રારંભ થયો છે. મંત્રીશ્રીએ પાલખી યાત્રાને પ્રસ્થાન કરાવી રાજ્યની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. ગબ્બરની તળેટી ભક્તિમય બની છે.**

# એન યુ ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદોને કરિયાણાની સહાય

**દૈનિક પલ્સ સમાચાર:** મહેસાણામાં સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતા એન યુ ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદ પરિવારોની વહારે આવીને અભિનંદનીય કાર્ય કરવામાં આવ્યું છે. સંસ્થાના ચેરમેન શ્રી નટુભાઈ યુ. પટેલના વિશિષ્ટ સહયોગ અને માર્ગદર્શન હેઠળ જરૂરિયાતમંદ લાભાર્થીઓને 4 મહિના સુધી ચાલે તેટલી રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં મહેસાણાની સેવાભાવી સંસ્થાઓ સાથે કાર્યરત શ્રી જીતુભાઈ વાલા અને શ્રી દીક્ષિત પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને લાભાર્થીઓને કીટ અર્પણ કરી હતી. આ કીટમાં સમાવિષ્ટ સામગ્રીની વાત કરીએ તો, તેમાં 30 કિલો ઘઉં, 5 કિલો ગોળ, 5 કિલો દાળ, 5 કિલો ખાંડ, 5 કિલો ચોખા, 1 કિલો ચા, 1 કિલો સાગર ઘી, 5 લીટર તેલ અને 2 કિલો ચણા જેવી પાયાની ખાદ્ય સામગ્રી આપવામાં આવી હતી. આ ઉપરાંત રોજિંદા રસોડામાં ઉપયોગમાં આવતી દરેક નાની-મોટી ચીજવસ્તુઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. નટુભાઈ પટેલના આ સેવાકીય અભિગમથી ગરીબ પરિવારોને આર્થિક ટેકો મળશે અને 4 મહિના સુધી ખોરાકની ચિંતા રહેશે નહીં. મહેસાણાના અગ્રણીઓએ પણ ફાઉન્ડેશનની આ પ્રવૃત્તિને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે, સક્ષમ વ્યક્તિઓ જ્યારે આ રીતે સમાજના વંચિતો માટે આગળ આવે છે ત્યારે સાચા અર્થમાં રાષ્ટ્રસેવા થાય છે.



# દાહોદના સુખસરમાં મંત્રી કટારાના હસ્તે 121 નવીન પંચાયત ઘરોનું ખાતમુહૂર્ત

**દૈનિક પલ્સ સમાચાર:** દાહોદના સુખસર ખાતે આજે ગ્રામીણ વિકાસના ક્ષેત્રે મહત્વનું પગલું ભરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વર્ચ્યુઅલ અધ્યક્ષતા હેઠળ આયોજિત કાર્યક્રમમાં રાજ્યમંત્રી રમેશભાઈ કટારાએ ગ્રામોત્થાન યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં સૌથી મહત્વની જાહેરાત દાહોદ જિલ્લાના 121 નવીન પંચાયત ઘરોની હતી, જેના માટે ₹3214.62 લાખનું ભંડોળ મંજૂર કરવામાં આવ્યું છે.

મંત્રી રમેશભાઈ કટારાએ પોતાના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું કે સરકારની યોજનાઓ સામાન્ય નાગરિકો સુધી સરળતાથી પહોંચે તે માટે તંત્ર પ્રતિબદ્ધ છે. તેમણે પશુપાલન, પ્રાકૃતિક ખેતી અને પાયાની સુવિધાઓના વિકાસ પર ભાર મૂકતા ઉમેર્યું કે ગામડાઓનો ઉદ્ધાર જ સાચો વિકાસ છે. મંત્રીશ્રી અને જિલ્લા વિકાસ અધિકારી સ્મિત લોઢાએ નવીન પંચાયતઘર માટેની તકતીનું અનાવરણ કરી તલાટી આવાસોનું ખાતમુહૂર્ત કર્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપા મહામંત્રી શંકરભાઈ અમલીયાર, એપીએમસી ચેરમેન, ટીડીઓ, અને તાલુકા પંચાયત પ્રમુખ સહિત મોટી સંખ્યામાં સરપંચો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત શાળાઓની બાળકીઓના સ્વાગત ગીતથી થઈ હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ આયોજન છેવાડાના ગામોમાં વહીવટી સરળતા લાવવાના હેતુથી કરવામાં આવ્યું હતું. નવીન પંચાયત ઘરો બનવાથી ગ્રામીણ સ્તરે વહીવટી કામગીરી વધુ વેગવંતી અને પારદર્શક બનશે. **રિપોર્ટ : અલ્કેશભાઈ પારગી**



**દાહોદના સુખસર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વર્ચ્યુઅલ અધ્યક્ષતા અને રાજ્યમંત્રી રમેશભાઈ કટારાની ઉપસ્થિતિમાં ગ્રામોત્થાન યોજનાનો શુભારંભ થયો. જિલ્લામાં ₹3214.62 લાખના ખર્ચે 121 નવીન પંચાયત ઘરો અને તલાટી આવાસોનું ખાતમુહૂર્ત કરી વિકાસકાર્યોને વેગ અપાયો હતો.**

# વડાલીમાં બે વોટર પ્લાન્ટ સીલ, કમળાના કેસોએ મચાવી મશહૂર

**દૈનિક પલ્સ સમાચાર:** વડાલીમાં મિનરલ વોટરના નામે ચાલી રહેલા 'મોતના વેપાર'નો પર્દાફાશ થયો છે. શહેરમાં કમળાના વધતા કેસોએ આરોગ્ય તંત્રની ઉંઘ ઉડાડી દીધી છે, જેના પગલે લેવાયેલા પાણીના નમૂના ફેઈલ થતા ખળભળાટ મચી ગયો છે. નગરપાલિકાના જ જવાબદાર કોર્પોરેટર નારાયણભાઈ સગર સંચાલિત 'ગણેશ વોટર પ્લાન્ટ' અને 'બ્રહ્માણી પ્લાન્ટ'માં ગંદકી અને બેક્ટેરિયાવાળું પાણી હોવાનું સામે આવ્યું છે. જનતાના મનમાં રોષ છે કે જેમના શિરે નગરની સુરક્ષાની જવાબદારી છે, તેઓ જ લોકોના પેટમાં ઝેર રેડી રહ્યા છે. વહીવટી તંત્ર માત્ર દેખાવ ખાતર નોટિસ આપીને મામલો થાળે પાડવાની કોશિશ કરી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. શા માટે આ પ્લાન્ટ્સ સામે અગાઉ ક્યારેય તપાસ ન થઈ? શું સત્તા અને વગના જોરે આ ગેરકાયદે કૃત્યોને મૌન સંમતિ આપવામાં આવી હતી? નોટિસમાં સેનિટાઈઝેશન અને મરામતના આદેશ અપાયા છે, પણ સવાલ એ છે કે જે લોકો બીમાર પડ્યા છે તેમનું શું? વડાલીના જાગૃત નાગરિકો હવે આ પાપના ભાગીદારો સામે લાયસન્સ રદ કરવા અને પોલીસ ફરિયાદની માંગ કરી રહ્યા છે. શું તંત્રમાં ગુનેગારોને જેલ ભેગા કરવાની હિંમત છે?

**રિપોર્ટ : વિશાલ ચૌહાણ**






# બેટાવાડા: નવીન પંચાયત ભવનનું મહાનુભાવોની હાજરીમાં ખાતમુહૂર્ત

**દૈનિક પલ્સ સમાચાર**: કપડવંજ તાલુકાના બેટાવાડા ગામે નવીન ગ્રામ પંચાયત ભવનના નિર્માણ માટે ખાતમુહૂર્ત વિધિ યોજાઈ હતી. આ કાર્યક્રમમાં રાજકીય અને સામાજિક આગેવાનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી હતી. ખેડા જિલ્લા ભાજપ મંત્રી ધૂળસિંહ સોલંકીના હસ્તે પંચાયત મકાનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે સરકાર ગામડાઓના વિકાસ માટે કટિબદ્ધ છે અને બેટાવાડામાં નવું પંચાયત ભવન ગ્રામજનોની સુખાકારીમાં વધારો કરશે.

કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે કપડવંજ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ નિરૂબેન લક્ષ્મણસિંહ સોલંકી પણ હાજર રહ્યા હતા. બેટાવાડા ગ્રામ પંચાયતના સરપંચ ધનવતસિંહ સોલંકીએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને ગામમાં થઈ રહેલા વિવિધ વિકાસકામોની રૂપરેખા આપી હતી. પંચાયત મકાનનું ખાતમુહૂર્ત થતા જ ગ્રામજનોમાં ખુશીની લહેર જોવા મળી હતી. આધુનિક સુવિધાઓથી સજ્જ આ ભવનમાં તલાટી અને સરપંચ માટે અલાયદી વ્યવસ્થા સાથે ગ્રામજનોના બેસવા માટે પણ યોગ્ય આયોજન કરવામાં આવશે. આ પ્રસંગે ગામના વડીલો, યુવાનો અને અગ્રણી આગેવાનોએ હાજર રહીને આ વિકાસ કાર્યને બિરદાવ્યું હતું. અંતમાં સરપંચશ્રીએ ગામના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ રહેવાની ખાતરી આપી હતી અને ઉપસ્થિત તમામનો આભાર માન્યો હતો.

**રિપોર્ટ : દિપક પરમાર**



**ખેડા જિલ્લાના બેટાવાડા ગામે નવીન ગ્રામ પંચાયત મકાનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જિલ્લા ભાજપ મંત્રી ધૂળસિંહ સોલંકી, તાલુકા પંચાયત ઉપપ્રમુખ નિરૂબેન સોલંકી અને સરપંચ ધનવતસિંહ સોલંકી સહિતના આગેવાનોની હાજરીમાં નિર્માણ કાર્યનો શુભારંભ થયો હતો.**

## શાસકોની તાનાશાહી અને પ્રજાની લાચારી: લોકશાહી માત્ર નામની?

**વડોદરા:** ભારતને વિશ્વની સૌથી મોટી લોકશાહી કહેવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આજે 'લોકશાહી' માત્ર ચૂંટણીના દિવસો પૂરતી સીમિત રહી ગઈ છે. સામાન્ય પ્રજા અને તાનાશાહ સરકાર વચ્ચેનું અંતર એટલું વધી ગયું છે કે પ્રજાની પાયાની સુવિધાઓ હવે શાસકો માટે માત્ર ગૌણ વિષય બની ગઈ છે. જ્યારે સામાન્ય નાગરિક પોતાના હક માટે અવાજ ઉઠાવે ત્યારે તે 'ગુનો' બની જાય છે, પરંતુ સત્તાના નશામાં ચૂર નેતાઓ ગમે તેટલી મનમાની કરે તો પણ તેમને કાયદો સ્પર્શતો નથી. આ કડવું સત્ય છે કે કાયદાના પાઠ માત્ર સામાન્ય જનતાને ભણાવવા માટે જ લખાયા છે.

ચૂંટણી નજીક આવે એટલે નેતાઓને અચાનક મતદારોની યાદ આવે છે. ગલીએ ગલીએ હાથ જોડીને ફરતા આ જ નેતાઓ ચૂંટણી જીત્યા બાદ એસી ઓફિસોમાં કેદ થઈ જાય છે. પરસેવાની કમાણીમાંથી ટેક્સ ભરતા મધ્યમ વર્ગના નાગરિકોના પૈસાનો દુરુપયોગ કેવી રીતે કરવો, તે આજના 'બાબુઓ' અને રાજનેતાઓ પાસેથી શીખવા જેવું છે. જનતાના ટેક્સના પૈસાથી બનેલા રસ્તાઓ પર ખાડા છે, નળમાં ગંદુ પાણી આવે છે અને ટ્રાફિકની સમસ્યાથી પ્રજા ગૂંગળાઈ રહી છે, છતાં શાસકોને માત્ર પોતાની વોટ બેંકની જ ચિંતા છે.

શહેરની સમસ્યાઓ માટે વિપક્ષ અને જાગૃત નાગરિકો દ્વારા અવારનવાર આવેદનપત્રો આપવામાં આવે છે. પરંતુ સવાલ એ થાય છે કે શું આ આવેદનપત્રો પર ક્યારેય કોઈ નક્કર કાર્યવાહી થાય છે? કે પછી તે માત્ર રેકોર્ડ રૂમની ફાઈલોમાં ધૂળ ખાવા માટે જ હોય છે? વહીવટી તંત્રની નિષ્ક્રિયતા એવી છે કે લોકોની રજૂઆતો રદી કાગળ સમાન બની ગઈ છે. જ્યારે નેતાઓની સભાઓ માટે રાતોરાત રસ્તાઓ ચકાચક બની જતા હોય, ત્યારે જનતા માટે આ કામો કેમ મહિનાઓ સુધી લટકેલા રહે છે? આજે સ્થિતિ એવી છે કે શાસકો પોતાને જનતાના સેવક નહીં પણ માલિક સમજી બેઠા છે. સામાન્ય માણસ જો ભૂલથી પણ કાયદાની મર્યાદા ચૂકશે તો તંત્ર તરત જ સક્રિય થઈ દંડ વસૂલશે, પણ કોર્પોરેશન કે સરકારની બેદરકારીથી જો કોઈ નાગરિકનો જીવ જાય તો જવાબદારી સ્વીકારવા કોઈ તૈયાર થતું નથી. આ તે કેવી લોકશાહી જ્યાં ટેક્સ ભરનાર મજૂર લાઈનમાં ઊભો રહે અને ટેક્સ પર જલસા કરનાર નેતા લાલ લાઈટની ગાડીમાં ફરે? હવે સમય પાકી ગયો છે કે જનતા જાગૃત બને, કારણ કે આ તાનાશાહીનો અંત લાવવો હવે અનિવાર્ય છે. જો આવેદનપત્રોથી કામ ન થતું હોય, તો જનતાએ આવનારી ચૂંટણીમાં પોતાના મતાધિકારથી આ શાસકોને ચોક્કસ પાઠ ભણાવવો જ પડશે.

**સામાન્ય પ્રજા માટે કાયદો અને નેતાઓ માટે તાનાશાહી! ટેક્સપેયરના પરસેવાની કમાણી પર એસી ઓફિસોમાં બેસી જલસા કરતા બાબુઓને માત્ર ચૂંટણી ટાણે જ જનતા યાદ આવે છે. રજૂઆતો અને આવેદનો માત્ર સરકારી ફાઈલોમાં જ દબાઈને રહી જાય છે.**

# કપડવંજમાં નવીન ઘડિયા ગ્રામ પંચાયતનું ખાતમુહૂર્ત કરાયું, ગ્રામજનોમાં આનંદ

**દૈનિક પલ્સ સમાચાર:** કપડવંજ તાલુકાના ઘડિયા ગામ ખાતે વિકાસની ગતિ તેજ બની છે. ગામમાં નવીન ગ્રામ પંચાયત ભવન નિર્માણ માટેના પાયા નાખવામાં આવ્યા છે. CDP-5 ગ્રાન્ટના માધ્યમથી મંજૂર થયેલ આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત વિધિવત રીતે સંપન્ન થયું છે. ઘડિયા ગામમાં નવા તલાટી કમ મંત્રી તરીકે અજયસિંહ સોલંકીની નિમણૂક થયા બાદ વહીવટી પ્રક્રિયાઓ ઝડપી બની હતી, જેના ફળસ્વરૂપે આ નવીન ભવનનું કામ શરૂ થઈ શક્યું છે. આજના શુભ દિવસે ઘડિયા ગ્રામ પંચાયતના સરપંચ રામીબેન રેવાભાઈ વણકર અને તલાટી મંત્રી અજયસિંહ સોલંકીના વરદ હસ્તે ભૂમિપૂજનની વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ગામના આગેવાનો, યુવાનો અને વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પંચાયત ભવનનું નવું અને સુવિધાસજ્જ બિલ્ડિંગ બનવાથી ગ્રામજનોને સરકારી કામકાજ માટે વડોદરા કે કપડવંજ સુધી દોડવું નહીં પડે અને સ્થાનિક સ્તરે જ ડિજિટલ સેવાઓ પણ ઉપલબ્ધ થશે. ખાતમુહૂર્ત કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોમાં ભારે ઉત્સાહ અને ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. લોકોનું માનવું છે કે, નવી પંચાયત ભવનથી ગામના વિકાસના દ્વાર ખુલશે અને વહીવટમાં પારદર્શિતા આવશે. તલાટી અજયસિંહ સોલંકીએ આ તકે ખાતરી આપી હતી કે ભવનનું નિર્માણ કાર્ય ગુણવત્તાયુક્ત અને નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. સરપંચ રામીબેન વણકરે ગામના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અંતે ગ્રામજનોએ એકબીજાનું મોઢું મીઠું કરાવીને આ પ્રસંગની ઉજવણી કરી હતી. આ નવીન ભવન આગામી દિવસોમાં ઘડિયા ગામના ગૌરવમાં વધારો કરશે. **રિપોર્ટ : દિપક પરમાર**



**રાજકોટ-ભાવનગર હાઈવે પર આટકોટની ગોંડલ ચોકડી પાસે નમકીન ભરેલા ટ્રકમાં અચાનક ભયાનક આગ લાગી હતી. ડ્રાઈવર અને ક્લીનરે ટ્રકમાંથી કૂદીને જીવ બચાવ્યો હતો. જસદણ ફાયરબ્રિગેડે ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો, જેનાથી મોટી જાનહાનિ ટળી હતી.**

# આહવા કોલેજ: સાયબર જાગૃતિ કાર્યક્રમ અને શૈક્ષણિક MoU સંપન્ન

## આહવા સરકારી કોલેજમાં સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** આહવા સ્થિત સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં વિદ્યાર્થીઓના કૌશલ્ય વર્ધન માટે એક મહત્વપૂર્ણ સેમિનાર યોજાયો હતો. CAWACH કેન્દ્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં 'સાયબર જાગૃતિ અને વ્યક્તિત્વ વિકાસ' વિષય પર નિષ્ણાતોએ પ્રકાશ પાડ્યો હતો. મુખ્ય વક્તા શ્રી પ્રદિપ મુને સાયબર સલામતી, ઓનલાઈન છેતરપિંડીથી બચવાના રસ્તા અને સફળ કારકિર્દી માટે નેતૃત્વના ગુણો કેવી રીતે કેળવવા તે અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

શૈક્ષણિક ગુણવત્તા વધારવાના ભાગરૂપે આ પ્રસંગે કોલેજ અને યુનિવર્સલ ફાઉન્ડેશન, મુંબઈ વચ્ચે MoU (Memorandum of Understanding) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સહયોગથી ભવિષ્યમાં ડિજિટલ સુરક્ષા અને કૌશલ્ય વિકાસના અનેક સંયુક્ત પ્રોજેક્ટ્સ અમલી બનશે. કોલેજના આચાર્ય ડૉ. યુ. કે. ગાંગુર્ડેએ કાર્યક્રમની રૂપરેખા આપી MoU ના ફાયદા વિશે સમજ આપી હતી. આ સમગ્ર આયોજનમાં કોલેજના ૧૯૦ વિદ્યાર્થીઓએ હાજર રહીને ડિજિટલ યુગમાં સુરક્ષિત રહેવાના મંત્રો શીખ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રાધ્યાપક ડૉ. દિલીપકુમાર ગાવિત અને ગૌરાંગભાઈ ગાઈનનું મહત્વનું યોગદાન રહ્યું હતું. આ પ્રકારના કાર્યક્રમોથી આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધશે અને તેઓ આધુનિક પડકારોનો સામનો કરવા સજ્જ બનશે. **રિપોર્ટ : સચિન પવાર**



**સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવા ખાતે સાયબર જાગૃતિ અને વ્યક્તિત્વ વિકાસ પર વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે યુનિવર્સલ ફાઉન્ડેશન સાથે મહત્વના MoU કરવામાં આવ્યા હતા, જેનો ૧૯૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. રિપોર્ટ : સચિન પવાર**

# ટીંટોઈ લોક દરબાર એસપી મનોહરસિંહ જાડેજા

## ટીંટોઈમાં એસપીની અધ્યક્ષતામાં પોલીસ અને લોક દરબાર સંપન્ન

**દૈનિક પલ્સ સમાચાર:** અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકા હેઠળના ટીંટોઈ પોલીસ સ્ટેશન પરિસરમાં આજે લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે 'પોલીસ દરબાર' અને 'લોક દરબાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ જિલ્લા પોલીસ વડા (એસપી) મનોહરસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ટીંટોઈ પોલીસ સ્ટેશનના પીઆઈ કે.આર. દરજી, પીએસઆઈ રાઠોડ તેમજ પોલીસ કર્મીઓ દ્વારા એસપીશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. લોક દરબારમાં ટીંટોઈ પંથકના વિવિધ ગામોના વર્તમાન અને પૂર્વ સરપંચો, સ્થાનિક આગેવાનો તેમજ વેપારી મંડળના સભ્યો ઉત્સાહભેર જોડાયા હતા. એસપી મનોહરસિંહ જાડેજાએ ગ્રામજનો સાથે મુક્ત મને ચર્ચા કરી હતી અને તેમના પડતર પ્રશ્નો તથા સુરક્ષાને લગતા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે પોલીસ વિભાગ હંમેશા જનતાની સેવામાં તત્પર છે અને આવા કાર્યક્રમોથી લોકોમાં વિશ્વાસ વધે છે. ગ્રામજનોએ પણ ટ્રાફિક, સલામતી અને ગામડાઓના આંતરિક પ્રશ્નો રજૂ કર્યા હતા, જેને એસપીએ સકારાત્મક રીતે ઉકેલવા ખાતરી આપી હતી. મોટી સંખ્યામાં લોકોની હાજરીએ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ તકે વહીવટી પારદર્શિતા અને નાગરિકોની સુખાકારી માટે પોલીસ વિભાગ દ્વારા લેવાયેલા આ પગલાંને સ્થાનિકોએ બિરદાવ્યું હતું. **રિપોર્ટ : પાર્થ પટેલ**

**મોડાસાના ટીંટોઈ પોલીસ સ્ટેશન ખાતે એસપી મનોહરસિંહ જાડેજાની અધ્યક્ષતામાં લોક દરબાર યોજાયો. ગ્રામજનોના પ્રશ્નોનું નિરાકરણ.**

# ડાંગ દરબાર ૨૦૨૬: કલેક્ટર શાલિની દુહાનના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** ઐતિહાસિક ડાંગ દરબાર ૨૦૨૬ના સુચારૂ આયોજન માટે ડાંગ કલેક્ટર શાલિની દુહાનના માર્ગદર્શન હેઠળ મહત્વની બેઠક સંપન્ન થઈ હતી. આ બેઠકમાં નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઇન અને ડાંગના પાંચેય રાજવીઓની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. આગામી ૨૬ ફેબ્રુઆરી થી ૩ માર્ચ ૨૦૨૬ સુધી યોજાનારા આ મેળામાં લોકોની સુરક્ષા અને સુવિધા પ્રાથમિકતા રહેશે. કલેક્ટરશ્રીએ માર્ગ અને મકાન વિભાગને આહવાના સી.સી. રસ્તાનું કામ મેળો શરૂ થાય તે પહેલાં પૂર્ણ કરવા કડક સૂચના આપી હતી. મેળામાં પધારતા સ્થાનિકો અને પ્રવાસીઓ માટે પીવાનું પાણી, વીજળી, પ્લોટ ફાળવણી અને પાર્કિંગ જેવી વ્યવસ્થાઓ પર વિગતવાર ચર્ચા થઈ હતી. પરંપરા મુજબ હોળીના પાંચ દિવસ પહેલા યોજાતા આ મેળામાં રાજ્યપાલશ્રી દ્વારા રાજવીઓનું સન્માન કરવામાં આવશે. સાંસ્કૃતિક વારસાને જાળવવા માટે રાત્રિના સમયે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાશે, જે રાત્રે ૧૨ વાગ્યા સુધી ચાલશે. બેઠકમાં જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ અને અન્ય વહીવટી અધિકારીઓએ સલામતી અને વ્યવસ્થાપન અંગેના સૂચનો આપ્યા હતા. ડાંગની સંસ્કૃતિને વિશ્વ ફલક પર પહોંચાડવા માટે આ વર્ષે પણ મેળો ભવ્ય રીતે યોજાય તે માટે વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. **રિપોર્ટ : સચિન પવાર**




**ડાંગ જિલ્લાની સંસ્કૃતિને ઉજાગર કરતા 'ડાંગ દરબાર-૨૦૨૬' ના આયોજન માટે કલેક્ટર શાલિની દુહાનના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં ૨૬ ફેબ્રુઆરીથી ૩ માર્ચ દરમિયાન મેળાના આયોજન, સુરક્ષા અને સુવિધાઓ અંગે રાજવીઓ તથા અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.**




# આદિત્ય બિરલા ગ્રાસીમમાં કામદારનો આપઘાત, અનેક સવાલો

**દૈનિક પલ્સ સમાચાર:** વિલાયત GIDCની આદિત્ય બિરલા ગ્રાસીમ કંપનીમાં ફરી એકવાર કામદારના મોતે મેનેજમેન્ટની નિષ્ફળતા અને કામદારોની દયનીય સ્થિતિને ઉઘાડી પાડી છે. ગિરવાન ઇન્ડસ્ટ્રીઝના પાઈપિંગ કોન્ટ્રાક્ટમાં મજૂરી કરતા પવન રંજન પ્રસાદ નામના 22 વર્ષના આશાસ્પદ યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા અનેક તર્ક-વિતર્કો વહેતા થયા છે. કંપનીમાં જ સુપરવાઇઝર તરીકે કાર્યરત પવનકુમાર વર્માના સાળાએ જ જ્યારે આ પગલું ભર્યું હોય, ત્યારે શંકાની સોય કંપનીના આંતરિક વાતાવરણ તરફ પણ જાય છે. 28 જાન્યુઆરીની સવારે નોકરીએ જતી વખતે છાતીમાં દુખાવાનું કારણ આપી પરત ફરેલા પવને પળભરમાં મોતને વહાલું કરી લીધું. શું ખરેખર છાતીમાં દુખાવો હતો કે પછી નોકરી પર જવાનો ડર કે માનસિક ત્રાસ? આદિત્ય બિરલા જેવી મોટી ગ્રુપની કંપનીઓમાં કામદારોના માનસિક સ્વાસ્થ્ય અને કાઉન્સેલિંગની કોઈ સુવિધા નથી? યુવાન કામદારનું આ રીતે મોત થવું એ માત્ર વ્યક્તિગત આત્મહત્યા નથી, પરંતુ ઔદ્યોગિક વ્યવસ્થાની હાર છે. વિલાયત ગામના ભાડેના મકાનમાં પંખે લટકતી પવનની લાશ તંત્રને ચીસો પાડીને પૂછી રહી છે કે વિકાસની આ આંધળી દોડમાં ગરીબ કામદારના જીવની કોઈ કિંમત છે કે નહીં? સ્થાનિક પોલીસ અને શ્રમ વિભાગે આ મામલે ઊંડી તપાસ કરવાની જરૂર છે. શું કોન્ટ્રાક્ટર દ્વારા કોઈ દબાણ હતું? શું પગાર કે રજાના મુદ્દે કોઈ વિવાદ હતો? આવા અનેક સવાલોના જવાબ મળવા બાકી છે. જો કંપની અને કોન્ટ્રાક્ટરો માત્ર ઉત્પાદન પર ધ્યાન આપશે અને માણસોને મશીન સમજશે, તો આવી દુખદ ઘટનાઓ અટકવાનું નામ નહીં લે. પવન રંજનના પરિવારે પોતાનો દીકરો ગુમાવ્યો છે, અને તેના બદલે હવે માત્ર પોલીસ પંચનામા અને તપાસના આશ્વાસનો જ બાકી રહ્યા છે.

**રિપોર્ટ : શૈલેષ સોલંકી**



# સજોદમાં રસ્તા વિવાદે પાટોત્સવ બગાડ્યો, તંત્રની ઘોર નિષ્ક્રિયતા સામે આક્રોશ

**દૈનિક પલ્સ સમાચાર:** અંકલેશ્વરનું સજોદ ગામ આજે ભક્તિના ઉત્સાહને બદલે વહીવટી તંત્રના ભ્રષ્ટાચાર અને નિષ્ક્રિયતાનો સાક્ષી બન્યું છે. ડૉ. આંબેડકર નગરમાં રણછોડરાય ભગવાનના 26મા પાટોત્સવની ઉજવણીમાં વિઘ્ન સંતોષી તત્વો અને તંત્રની મિલીભગતે રંગમાં ભંગ પાડ્યો છે. જે રસ્તો રહીશોના પૂર્વજોના સમયથી અબાધિત રીતે વપરાતો હતો, તેને રાતોરાત જેસીબી ફેરવીને ખંડેર બનાવી દેવાયો છે.

તંત્રની લાપરવાહીની હદ તો જુઓ, પંચાયત દફતરે આ રસ્તાની મરામતના રેકોર્ડ હોવા છતાં અધિકારીઓ જમીન માલિકોના દબાણવશ થઈને 'ખાનગી મિલકત'નો રાગ આલાપી રહ્યા છે. 'ધ ઈન્ડિયન ઇઝમેન્ટ એક્ટ, 1882' હેઠળ રહીશોનો આ કાયદેસરનો સુખાધિકાર છે, પરંતુ અહીં કાયદા કરતાં વગદાર લોકોની મનમાની વધુ ચાલી રહી હોય તેમ જણાય છે. રસ્તો બંધ થવાથી એમ્બ્યુલન્સ કે અગ્નિશામક જેવા ઈમરજન્સી વાહનો પણ આવી શકે તેમ નથી, જે રહીશોના જીવ સાથેની રમત છે.

રહીશોનો આક્ષેપ છે કે વહીવટી તંત્ર જાણીજોઈને મૌન સેવી રહ્યું છે. પાટોત્સવ જેવા પવિત્ર અવસરે પણ શ્રદ્ધાળુઓએ કાદવ અને પથ્થરો વચ્ચેથી પસાર થવું પડ્યું, જે ધાર્મિક સ્વતંત્રતા પર સીધો પ્રહાર છે. હવે રહીશોની ધીરજની કસોટી થઈ રહી છે. તંત્રની નિષ્ક્રિયતા સામે લાલ આંખ કરતા રહીશોએ ચીમકી આપી છે કે જો 24 કલાકમાં ગેરકાયદેસર અવરોધો દૂર કરી રસ્તો ખુલ્લો કરવામાં નહીં આવે, તો તેઓ નામદાર ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવશે. ગૌરવપૂર્ણ જીવનના અધિકારના ભંગ બદલ જવાબદાર અધિકારીઓ સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે હવે સજોદના રહીશો આરપારની લડાઈ માટે તૈયાર છે. આ 'ખો-ખો'ની રમત હવે કોર્ટના મેદાનમાં પહોંચશે તે નક્કી છે.

**રિપોર્ટ : શૈલેષ સોલંકી**



**અંકલેશ્વરના સજોદ ગામે વહીવટી તંત્રની આંધળી નીતિ સામે આવી છે. શ્રી રણછોડરાય ભગવાનના પાટોત્સવમાં જ દાયકાઓ જૂનો જાહેર રસ્તો જમીન માલિકોએ ખોદી નાખ્યો છે. તંત્ર મૌન સેવીને બેઠું છે, જેના કારણે ભક્તો અને રહીશોમાં ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે.**

# બાબરાના લોન કોટડામાં નવી પંચાયતનું ખાતમુહૂર્ત સંપન્ન

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના લોન કોટડા ગામે નવી ગ્રામ પંચાયતનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ રામાણી, સરપંચ ગોવિંદભાઈ ચાવડા અને તલાટી મંત્રી આર.આર. મકવાણા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. ગ્રામજનોમાં હરખની હેલી છવાઈ હોવાનું ચિત્ર ઊભું કરાયું છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ છે.

વર્ષોથી જર્જરિત હાલત અથવા સુવિધાના અભાવ વચ્ચે જીવતા ગ્રામજનો માટે આ ખાતમુહૂર્ત ઘણું મોડું થયું છે. નેતાઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં નાળિયેર વધેરાયા, પણ શું આ પંચાયત ભવન સમયમર્યાદામાં પૂરું થશે? વારંવાર ગ્રાન્ટોની આડમાં અટકતા કામો વચ્ચે આ નવી ઇમારત ભ્રષ્ટાચારની ભેટ તો નહીં ચડે ને? લોન કોટડાની જનતાએ અત્યાર સુધી જે મુશ્કેલી વેઠી છે તેનો જવાબદાર કોણ? પ્રચારના મોહમાં અંધ બનેલા સત્તાધીશો હવે કામની ગતિ પર ધ્યાન આપે તે જરૂરી છે.

**રિપોર્ટ : મનીષ રામાણી**



# સેવાલીયા પોલીસ: 6 વર્ષથી નાસતો હથિયારનો ગુનેગાર ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ગુનેગારો માટે સ્વર્ગ ગણાતા વિસ્તારોમાં હવે કાયદાનો કોરડો વીંઝાયો છે. ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકામાં સેવાલીયા પોલીસની ઢીલી નીતિને કારણે હથિયારના ગુનામાં વર્ષોથી રખડતા તત્વો હવે જેલના હવાલે થઈ રહ્યા છે. છેલ્લા 6 વર્ષથી પોલીસની નાક નીચેથી ફરાર થઈ ગયેલો મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાનો આરોપી ચંદનસિંહ ગુલાબસિંહ ભીલ આખરે સેવાલીયા પોલીસના હાથે ઝડપાયો છે. આ ઘટના એ વાતની સાક્ષી પૂરે છે કે ગુનેગારો ગમે તેટલા શાતિર હોય, પણ તે કાયમી ધોરણે બચી શકતા નથી. જોબટ તાલુકાના ભૌરકુવા કનાકાકડનો આ આરોપી હથિયાર રાખવાના ગંભીર ગુનામાં વોન્ટેડ હતો. આટલા લાંબા સમય સુધી આરોપી પોલીસની પકડથી દૂર રહ્યો તે ખરેખર તપાસની એજન્સીઓ માટે શરમજનક બાબત કહી શકાય. શું આરોપીને કોઈ સ્થાનિક આશ્રય મળી રહ્યો હતો? કે પછી આંતરરાજ્ય પોલીસ સંકલનનો અભાવ હતો? સેવાલીયા પોલીસે ચોક્કસ બાતમીના આધારે ઓપરેશન હાથ ધરી આરોપીને તેના વતનમાંથી અથવા છુપાયેલા સ્થળેથી દબોચી લીધો છે. હથિયારના કેસોમાં વધારો થવો એ સમાજ માટે લાલબત્તી સમાન છે. ચંદનસિંહ જેવા આરોપીઓ સમાજમાં ભયનું વાતાવરણ ઉભું કરે છે. પોલીસની આ સફળતા ભલે નોંધપાત્ર હોય, પણ 6 વર્ષનો વિલંબ અનેક સવાલો ઊભા કરે છે. હવે પોલીસ આરોપીના રિમાન્ડ મેળવીને તેની પાસેથી હથિયારોના સપ્લાય અને અન્ય સંડોવાયેલા સાગરીતોની કડક પૂછપરછ કરશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. આવા તત્વો સામે દાખલારૂપ કાર્યવાહી થવી જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ આવી હિંમત ન કરે.

**રિપોર્ટ : હસમુખ નાયક**



**સેવાલીયા પોલીસની નિષ્ક્રિયતાનો અંત આવ્યો છે. હથિયારના ગંભીર ગુનામાં છેલ્લા 6 વર્ષથી પોલીસને હંફાવતો મધ્યપ્રદેશના અલીરાજપુરનો કુખ્યાત આરોપી ચંદનસિંહ ગુલાબસિંહ ભીલ આખરે ઝડપાયો છે. કાયદો અને વ્યવસ્થા સામે પડકાર ફેંકનારા તત્વો સામે આ મોટી કાર્યવાહી છે.**